


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 269
Dt.: 10-06-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa







### PoKમાં લોહીની નદીઓ વહી!

# પાકિસ્તાની સેનાના ગોળીબારમાં ૩૦થી વધુના મોત, ૨૦૦ ઈજાગ્રસ્ત

## આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂનની રાતથી જ સમગ્ર PoKમાં ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ કરી દીધી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના કાશ્મીર એટલે કે **PoK**માં પાકિસ્તાની સેનાનો ક્રૂર ચહેરો ફરી એકવાર દુનિયાની સામે આવ્યો છે. **PoK**માં પોતાના હકો માટે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા નાગરિકો પર પાકિસ્તાન સેનાએ અંધાધુંધ ગોળીબાર કર્યો છે. આ હિંસક કાર્યવાહીમાં ૩૦થી વધુ નિર્દોષ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

વાસ્તવમાં, **PoK**ના સૌથી મોટા નાગરિક અધિકાર સંગઠન 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી' દ્વારા ૯ જૂનના રોજ એક ભવ્ય 'લોન્ગ માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ આંદોલનને કચડી નાખવા માટે પાકિસ્તાનની કઠપૂતળી સરકારે આ સંગઠનને જ 'આતંકવાદી સંગઠન' જાહેર કરીને તેના પર પ્રતિબંધ લગાવી દીધો છે.

છેલ્લા ઘણા મહિનાઓથી 'જમ્મુ-કાશ્મીર સંયુક્ત અવામી એક્શન કમેટી'ના નેતૃત્વમાં **PoK**ની જનતા પાકિસ્તાન સરકાર અને સેના વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી છે. આ આંદોલનનું મુખ્ય કારણ પાકિસ્તાન દ્વારા અહીંના સ્થાનિક લોકો સાથે કરવામાં આવતું ભેદભાવભર્યું વર્તન છે. **PoK**ના નાગરિકોનો આરોપ છે કે પાકિસ્તાન સરકાર તેમના કુદરતી સંસાધનોનો આડેધડ ઉપયોગ કરીને અબજો રૂપિયા કમાય છે, પરંતુ તેના બદલામાં સ્થાનિક લોકોને માત્ર આર્થિક તબાહી, મોંઘવારી અને ભેદભાવ જ મળે છે. અહીંના લોકોને દ્વિતીય શ્રેણીના નાગરિક ગણીને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.હાલમાં **PoK**નું રાજીવકોટ શહેર આ ઉગ્ર વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

પ્રશાસન દ્વારા **JAAC**ના કાર્યકરો અને નેતાઓની ધરપકડ શરૂ કરાતા મામલો વધુ બિચક્યો હતો. આંદોલનકારીઓનો અવાજ દબાવવા માટે પાકિસ્તાન સરકારે ૫ જૂનની રાતથી જ સમગ્ર **PoK**માં ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે ઠપ કરી દીધી છે, જેથી લોકો એકબીજા સાથે સંપર્ક ન કરી શકે. પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકાર અને આર્મી ચીફ અસીમ મુનીરને આ હિંસાનો અંદાજો પહેલાથી જ હતો. આથી જ સરકારે એક ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરીને પ્રવાસીઓને ૫ જૂનથી ૨૦ જૂન વચ્ચે **PoK**નો પ્રવાસ ન કરવાની કડક સલાહ આપી દીધી હતી.

**PoK**માં આ પ્રકારનો જનઆક્રોશ કોઈ પહેલીવાર જોવા નથી મળ્યો. આ પહેલા વર્ષ ૨૦૨૩માં પણ આવા જ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. **PoK**ની જનતા પાકિસ્તાન સરકાર પાસે સબસિડીવાળો ઘઉંનો લોટ અને સસ્તી વીજળી જેવી પાયાની સુવિધાઓ માંગી રહી છે.



પાકિસ્તાન સરકારે ભૂતકાળમાં આ વાયદાઓ કર્યા હતા, પરંતુ તે ક્યારેય પૂરા કર્યા નથી. ૨૦૨૩માં પણ જ્યારે જનતાએ અવાજ ઉઠાવ્યો ત્યારે પાકિસ્તાની સુરક્ષા દળો અને પેરામિલિટ્રી ફોર્સે લાઠીચાર્જ, ટીયર ગેસ અને ગોળીબાર કરીને સેંકડો લોકોને જેલમાં ધકેલી દીધા હતા અને કેટલાય લોકોના જીવ લીધા હતા. પાકિસ્તાન સેના અત્યારે પોતાના જ કબ્જા હેઠળના લોકો પર જુલમ ગુજારીને આ વિદ્રોહને દબાવવાનો પ્રયાસ કરી રહી છે.

### માલદીવ્સને ટક્કર આપવા લેવાયો નિર્ણય

# લક્ષદ્વીપમાં ૪૭ વર્ષ જૂની દારૂબંધી નાબૂદ કરાઈ

## આ ઉપરાંત, ૨૧ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને દારૂ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપમાં કેન્દ્ર સરકારે એક મોટો ફેરફાર કર્યો છે. છેલ્લા ૪૭ વર્ષથી અમલમાં રહેલા 'લક્ષદ્વીપ પ્રોહિબિશન રેગ્યુલેશન, ૧૯૭૯'ને સત્તાવાર રીતે રદ કરી દેવાયો છે. આ સાથે જ ૯૭% મુસ્લિમ બહુમતી ધરાવતા આ દ્વીપસમૂહમાં હવે પરવાના (લાઈસન્સ) ધરાવતી દુકાનો અને આઉટલેટ્સ દ્વારા નિયંત્રિત પદ્ધતિથી દારૂના વેચાણને મંજૂરી મળશે. ૫ જૂનના રોજ જાહેર કરાયેલા ગેઝેટ નોટિફિકેશન દ્વારા આ નવો નિર્ણય લેવાયો છે.

જૂની સંપૂર્ણ દારૂબંધીના સ્થાને હવે 'લક્ષદ્વીપ આબકારી નિયમન, ૨૦૨૬' લાગુ કરાયો છે. આ કાયદો દારૂના ઉત્પાદન, આયાત-નિકાસ, પરિવહન, વેચાણ અને વપરાશને નિયંત્રિત કરવા માટે એક કડક લાઈસન્સિંગ ફ્રેમવર્ક પૂરું પાડે છે. આ નિયમ હેઠળ સરકારી માલિકીની કોર્પોરેશનો અને એજન્સીઓ પણ આલ્કોહોલિક પીણાના રિટેલ વેચાણ માટે લાઈસન્સ મેળવી શકશે.

જો કે, અહીંની સ્થાનિક સામાજિક અને ધાર્મિક સ્થિતિઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે દારૂ પર એક્સાઈઝ ટેક્સ અત્યંત ઊંચો રાખ્યો છે. જેમ કે...

દારૂનો પ્રકાર-એક્સાઈઝ ડ્યુટી (ટેક્સ)

| | |
|---|---|
| ઈન્ડિયન મેડ ફોરેન લિકર (IMFL) અને વિદેશી દારૂ | ૪૦૦% |
| બિયર | ૨૦૦% |
| વાઈન | ૮૦% |

નવા કાયદા હેઠળ પણ લક્ષદ્વીપના એડમિનિસ્ટ્રેટર પાસે દારૂના વપરાશ પર નિયંત્રણ રાખવા, ખરીદીની મર્યાદા નક્કી કરવા અને જરૂર જણાયે લક્ષદ્વીપના કોઈપણ ભાગમાં ફરીથી સંપૂર્ણ દારૂબંધી લાદવાની સર્વોચ્ચ સત્તા સુરક્ષિત રાખવામાં આવી છે. આ ઉપરાંત, ૨૧ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિને દારૂ વેચવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

વસ્તીનું માળખું: વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ, લક્ષદ્વીપની કુલ ૬૪,૪૭૩ વસ્તીમાંથી ૬૧,૧૨૦ નાગરિકો અનુસૂચિત જનજાતિ કેટેગરીમાં આવે છે. અહીં મુસ્લિમ વસ્તીનું પ્રમાણ ૯૭% છે, જે ભારતમાં સૌથી વધુ છે.

૧૯૭૯થી કાયદો: ઈસ્લામ ધર્મમાં દારૂના સેવન પર પ્રતિબંધ હોવાથી, સ્થાનિક ધાર્મિક-સાંસ્કૃતિક માન્યતાઓને માન આપીને ૧૯૭૯માં દારૂબંધી લાદવામાં આવી હતી. ગુજરાત અને બિહારની જેમ લક્ષદ્વીપ પણ 'ડ્રાય સ્ટેટ/UT' હતું.

મર્યાદિત છૂટછાટ: આ પ્રતિબંધ પ્રવાસીઓ માટે ૧૦૦% નહોતો. સરકારી અધિકારીઓ અને વિદેશી પ્રવાસીઓ માટે કવરત્તી અને બાંગારામ ટાપુઓ પર આવેલા સરકારી રિસોર્ટ અને બારમાં મર્યાદિત માત્રામાં દારૂની છૂટ પહેલેથી જ હતી.

આ ફેરફાર પાછળનો મુખ્ય હેતુ લક્ષદ્વીપને આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રવાસન સ્થળ બનાવવાનો છે. પ્રશાસનનું માનવું હતું કે કડક દારૂબંધીના કારણે લક્ષદ્વીપ માલદીવ્સ જેવા હરીફ દેશોની સરખામણીમાં પ્રવાસીઓને આકર્ષવામાં પાછળ રહી જતું હતું.

# ઈરાન સાથેની શાંતિ ડીલ પહેલાં જ લેબેનોન પર ઝીંક્યા બોમ્બ: ફરી ટ્રમ્પનો ખેલ બગાડશે નેતન્યાહુ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યાં એક તરફ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા સીધા યુદ્ધને રોકવા માટે એક મોટા કરારના અંતિમ તબક્કામાં હોવાનો દાવો કરી રહ્યા છે, ત્યાં બીજી તરફ ઈઝરાયલના પીએમ નેતન્યાહૂના એક આક્રમક પગલાએ આખી શાંતિ પ્રક્રિયા પર સવાલો ઊભા કરી દીધા છે. ઈરાન સાથે પરદા પાછળ ચાલી રહેલી વાતચીત અને સામસામે હુમલા રોકવાના પ્રયાસો વચ્ચે, ઈઝરાયલી વાયુસેનાએ અચાનક લેબેનોનના દક્ષિણ ભાગો પર ભીષણ હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. આ સૈન્ય કાર્યવાહી બાદ વૈશ્વિક સ્તરે એ ચર્ચા તેજ થઈ છે કે શું નેતન્યાહૂ ફરી એકવાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ વ્યૂહનીતિના એજન્ડાને બગાડવાના માર્ગે ચાલી રહ્યા છે.

આ સમગ્ર વિવાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદન સાથે જોડાયેલો છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે તેઓ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના તણાવને કાયમી ધોરણે પૂરો કરવા માટે ઐતિહાસિક કરારની ખૂબ નજીક છે. અમેરિકાની મધ્યસ્થતાને કારણે જ છેલ્લા કેટલાક દિવસોથી બંને દેશોએ એકબીજાની મુખ્ય ધરતી પર સીધા મિસાઈલ હુમલા બંધ કર્યા હતા. પરંતુ આ કરાર ફાઈનલ થાય તે પહેલા જ ઈરાને ખૂબ કડક ચેતવણી આપી દીધી છે.

તેહરાને સત્તાવાર રીતે જણાવ્યું છે કે જો ઈઝરાયલ દક્ષિણ લેબેનોનમાં પોતાની આક્રમકતા ચાલુ રાખશે, તો ઈરાન ચૂપ નહીં બેસે અને ઈઝરાયલે તેનાથી પણ વધુ વિનાશક સૈન્ય કાર્યવાહીનો સામનો કરવો પડશે.




### ઈઝરાયલમાં ગૂંજશે 'જય ભવાની

# ઈઝરાયલમાં છત્રપતિ શિવાજી મહારાજની લાગશે ભવ્ય પ્રતિમા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને ઈઝરાયલ વચ્ચેના રાજદ્વારી અને સાંસ્કૃતિક સંબંધો હંમેશા મજબૂત રહ્યા છે, પરંતુ હવે બંને દેશોના ઈતિહાસને જોડતાં એક ખૂબ જ ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે. ટૂંક સમયમાં જ ઈઝરાયલની ધરતી પર મરાઠા સામ્રાજ્યના સ્થાપક અને અદમ્ય સાહસના પ્રતીક એવા છત્રપતિ શિવાજી મહારાજની એક ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આ સમાચાર સામે આવતાં જ સોશિયલ મીડિયા પર એક નવી ચર્ચા શરૂ થઈ છે કે આખરે ઈઝરાયલ અને યહૂદી સમુદાયને મહારાષ્ટ્રના મહાન યોદ્ધા શિવાજી મહારાજ સાથે શું સંબંધ હતો?આ રોચક ઈતિહાસના તાર મહારાષ્ટ્રના દરિયાકાંઠાના કોંકણ વિસ્તાર સાથે જોડાયેલા છે, જ્યાં સદીઓથી એક વિશેષ યહૂદી સમુદાય રહેતો આવ્યો છે, જેને 'બેને ઈઝરાયલ' કહેવામાં આવે છે. આ ભારતનો સૌથી પ્રાચીન યહૂદી સમુદાય માનવામાં આવે છે. સેંકડો વર્ષો પહેલા જ્યારે આ લોકો ભારત આવ્યા ત્યારે તેમણે માત્ર મહારાષ્ટ્રને પોતાનું ઘર જ ન બનાવ્યું, પરંતુ ત્યાંની સ્થાનિક મરાઠી ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિને પણ સંપૂર્ણપણે અપનાવી લીધી હતી. પોતાની ધાર્મિક યહૂદી ઓળખ જાળવી રાખવાની સાથે તેઓ રોજિંદા જીવનમાં મરાઠી રંગમાં રંગાઈ ગયા હતા.




# તંત્રી લેખ......

## વિપક્ષની વધતી જતી અપ્રસ્તુતતા

દેશમાં વિપક્ષની વધતી જતી અપ્રસ્તુતતા ચિંતાનો વિષય છે. પછી ભલે તે કોંગ્રેસ હોય કે તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે હોય કે આરજેડી હોય કે બીજેડી, સપા હોય કે બસપા, શિવસેના, એનસીપી, આપ કે ડાબેરી પક્ષો, બધા જ તેમની અપ્રસ્તુતતાથી ચિંતિત છે. સ્વતંત્રતા સમયે પણ વિપક્ષે આ જ કટોકટીનો સામનો કરવો પડ્યો હતો. કોંગ્રેસે કેન્દ્રમાં અને બધા રાજ્યોમાં શાસન કર્યું હતું. એક રીતે, આખો દેશ કોંગ્રેસ હતો. કોંગ્રેસ કોઈ પક્ષ ન હતો, પરંતુ એક રાષ્ટ્રીય ચળવળ હતો. સ્વતંત્ર ભારતમાં, ગાંધીજીએ કોંગ્રેસને વિસર્જન કરીને તેને લોકસેવક સંઘમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લીધો. નેહરુ અને પટેલ આનો વિરોધ કરતા હતા. ગાંધીજીની હત્યાના દિવસે તેઓ આ જાહેરાત કરવાના હતા. તેમનો પ્રસ્તાવ ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ ના હરિજન અંકમાં તેમના મૃત્યુ પછી પ્રકાશિત થયો હતો. પરિણામે, કોંગ્રેસ, એક રાજકીય પક્ષ તરીકે, ૧૯૪૭ થી ૧૯૬૭ સુધી સંપૂર્ણ સત્તા પર હતી. વિરોધ નામનો હતો, જેમાં ફક્ત તે લોકોનો સમાવેશ થતો હતો જેમણે કોંગ્રેસ છોડી દીધી હતી. રાજકીય વિદ્વાન રજની કોઠારીએ આને "કોંગ્રેસ સિસ્ટમ" કહી. આનો અર્થ એ થયો કે જ્યારે દેશ કથિત રીતે બહુપક્ષીય લોકશાહી હતો, ત્યારે ફક્ત એક જ પક્ષ, કોંગ્રેસ, પ્રભુત્વ ધરાવતો હતો. આઠ દાયકા પછી, ફરીથી આવી જ પરિસ્થિતિ ઉભરી રહી છે. આજે, ભાજપ પ્રભુત્વ ધરાવે છે. ભાજપ અથવા તેના નેતૃત્વ હેઠળની ૬૬છ સરકારો કેન્દ્ર અને ૨૧ રાજ્યોમાં સત્તામાં છે, જ્યારે કોંગ્રેસ ચાર રાજ્યોમાં સમેટાઈ ગઈ છેઃ તેલંગાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક અને કેરળ. દેશ ભલે કોંગ્રેસ સિસ્ટમમાંથી ભાજપ સિસ્ટમમાં ગયો હોય, પરંતુ એક ફરક છેઃ કોંગ્રેસ સિસ્ટમ દરમિયાન, વિપક્ષ, ભલે સંખ્યામાં ઓછા હોય, તેમાં જાણકાર, શક્તિશાળી વક્તાઓ અને ગંભીર ટીકાકારો જેવા કે એ.કે. ગોપાલન, શ્યામા પ્રસાદ મુખર્જી, જે.બી. કૃપાલાણી, અશોક મહેતા, એન.જી. રંગા, પીલુ મોદી, રામ મનોહર લોહિયા, અટલ બિહારી વાજપેયી, બલરાજ મધોક, મીનુ મસાણી અને મધુ લિમયેનો સમાવેશ થતો હતો, જેઓ દલીલો અને તથ્યો સાથે સરકારને પડકારતા અને વિકલ્પો સૂચવતા. જોકે, આજના વિપક્ષી નેતાઓ, સરકારી નીતિઓ અને નિર્ણયોની ટીકા કરવાને બદલે, આરોપો, ઈશારાઓ, નિંદા અને ઉપહાસનો આશરો લે છે. તેઓ વધુ સારી વૈકલ્પિક નીતિઓ અને નિર્ણયો સૂચવ્યા વિના આમ કરે છે. કોંગ્રેસ સિસ્ટમ દરમિયાન વિપક્ષને સાંભળવું એ એક સુખદ અનુભવ હતો. આજે, વિપક્ષ ઘોંઘાટ અને અસંગત વાણીકલા દ્વારા પોતાને અપ્રસ્તુત બનાવી રહ્યો છે. આટલા લાંબા સમય સુધી દેશ પર શાસન કર્યા પછી કોંગ્રેસ પાર્ટીને સત્તાથી વંચિત રાખવામાં આવે તે દુઃખદ છે, પરંતુ તેણે તેનું ખોવાયેલું ગૌરવ પાછું મેળવવા માટે કોઈ નક્કર પગલાં લીધા નથી. સ્વતંત્રતા સમયે, કોંગ્રેસ પાર્ટી એક સમાવેશી પક્ષ હતો. બધા સામાજિક વર્ગો કોંગ્રેસના સભ્ય હતા, પરંતુ કોંગ્રેસે ક્યારેય આ સામાજિક વર્ગોને સરકાર અને સંગઠનમાં પૂરતું પ્રતિનિધિત્વ આપ્યું ન હતું, જેના કારણે તેઓ ધીમે ધીમે અલગ થઈ ગયા. વધુમાં, કોંગ્રેસે ભાઈ-બહેનવાદને કારણે પોતાના સક્ષમ નેતાઓને બાજુ પર રાખ્યા. નહિંતર, નેહરુ, ઈન્દિરા, રાજીવ, સોનિયા અને હવે રાહુલ અને પ્રિયંકા ગાંધી કોંગ્રેસના ટોચના નેતૃત્વ તરીકે શા માટે સ્થાપિત થઈ રહ્યા છે? શું કોંગ્રેસ પાર્ટીને પક્ષમાં નેતૃત્વ કરવા સક્ષમ કોઈ અન્ય નેતા દેખાતા નથી? જો કોંગ્રેસને રાષ્ટ્રીય સ્તરે હારનો સામનો કરવો પડ્યો છે, તો દોષ તેના પર છે. કોંગ્રેસ પાર્ટીમાં સુધારા માટે ભાજપ કે અન્ય પક્ષોને જવાબદાર ઠેરવી શકાય નહીં. વિપક્ષે ૨૦૨૪ ની ચૂંટણી માટે રાષ્ટ્રીય સ્તરે "રાજકીય ઈજનેરી" કરવાનો પ્રયાસ કર્યો, ગઠબંધન બનાવ્યા. જો કે, રાજકીય સુગમતાથી પ્રેરિત, તેના નેતાઓએ "તમને પ્રેમ કરો, તમારા સામે લડો" ફોર્મ્યુલાનો આશરો લીધો, અને આજે તેમની દુર્દશા જાણીતી છે. બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો આનો સ્પષ્ટ પુરાવો છે. આજે, ભાજપે પોતાનો પગ મજબૂત રીતે જમાવી લીધો છે, અને તેના કારણોને સમજવું એ સરળ સિદ્ધિ નથી. પક્ષે જનતાનો વિશ્વાસ જીતી લીધો છે અને આ હાંસલ કરવા માટે, "સબકા સાથ, સબકા વિકાસ" ના સમાવેશી સિદ્ધાંતનો ઉપયોગ નોંધપાત્ર સફળતા સાથે કર્યો છે. ભાજપે જાતિ આધારિત રાજકારણની દંતકથા તોડી છે અને વર્ગ રાજકારણ શરૂ કર્યું છે, જેમાં મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબો - બધી જાતિઓ - જન ધન અને ડીબીટી દ્વારા સંપૂર્ણ લાભ મેળવી રહી છે.

## હારિજમાં મ્યુલ એકાઉન્ટ્સ દ્વારા અબજોની હેરાફેરી પકડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

પાટણ સાયબર ક્રાઈમ પોલીસે 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' હેઠળ 398 કરોડના સાયબર ફ્રોડ રેકેટનો પર્દાફાશ કરી કુલ 20 આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પાટણ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ભારત સરકારના 'SAMANVAYA' અને 'NCCRP' પોર્ટલ પરની માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન 'ધી હારીજ નાગરિક સહકારી બેન્ક લિ., હારિજ' ખાતે ખોલવામાં આવેલા કેટલાક કરંટ ખાતાઓમાં અસામાન્ય અને શંકાસ્પદ વ્યવહારો જણાયા હતા. જેમાં ૧૩ મ્યુલ એકાઉન્ટ્સમાં રૂ.૩૯૮.૪૩ કરોડના ગેરકાયદે વ્યવહારો થયા હતા. આ ખાતાઓમાં દેશભરમાંથી નોંધાયેલી 228 સાયબર ફ્રોડની ફરિયાદો સામે આવી હતી. કેટલાક ઈસમો દ્વારા લોકોને રોકડ રકમ અને માસિક કમિશનની લાલચ આપી તેમના નામે પેઢીઓ ઉભી કરી બેન્ક ખાતાઓ ખોલાવવામાં આવતા હતા. આ ખાતાધારકો પાસેથી ATM કાર્ડ, ચેકબુક, સિમકાર્ડ અને ઈન્ટરનેટ બેંકિંગની વિગતો મેળવી તેનો ઉપયોગ ઓનલાઈન જુગાર, સટ્ટા, ડિજિટલ અરેસ્ટ, સેક્સટોર્શન અને APK/લિંક આધારિત છેતરપિંડી માટે કરાતો હતો. આથી પાટણ સાયબર પોલીસ દ્વારા ૧૩ બેન્ક ખાતા ધારકો તથા ખાતાઓ ભાડે મેળવી તેનો ગુનાઈત પ્રવૃત્તિમાં ઉપયોગ કરનારા ૭ વચેટિયા મળી ૨૦ આરોપીઓ વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ગુનો દાખલ કરી ૧૪ને ઝડપી હતા જ્યારે ૭ આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલા આરોપીઓઃ રોહન અશોકજી ઠાકોર (હાલ રહે. પાટણ, મૂળ રહે. ટીંબાવાસ, ચાણસ્મા), વિષ્ણુભાઈ હરગોવનભાઈ પ્રજાપતિ (પટેલ વાસ, હારિજ), ચિરાગકુમાર રામજીભાઈ પ્રજાપતિ (ચામુંડાનગર, હારિજ), પાર્થ કમલેશભાઈ પ્રજાપતિ ( ઋષિકૃષ્ણની પોળ, પાટણ), ચેતન ભગવાનભાઈ ઠક્કર (હાલ રહે. પાટણ, મૂળ રહે. રોડા, તા. હારિજ), મહિપત કનુભાઈ પ્રજપતિ (હાલ રહે. બેચરાજી, મૂળ રહે. બોરતવાડા, તા. હારિજ), રમેશભાઈ અમથાભાઈ સુથાર (રહે. કનીજ, તા. સમી), ભરતજી કાંતીજી ઠાકોર ( હાલ રહે. પાટણ, મૂળ રહે. બોરસણ તા. પાટણ), શૈલેષ જગાજી ઠાકોર (રામનગર, તા.જિ. પાટણ), નીતિન શંકરલાલ પ્રજાપતિ (ગુર્જરવાડો, પાટણ), દિનેશભાઈ કનુભાઈ પ્રજાપતિ (હાલ રહે. બેચરાજી, મૂળ રહે. બોરતવાડા), ભેમાભાઈ વાઘાભાઈ રબારી (હાલ રહે. રાધનપુર, મૂળ રહે.બંધવડ, તા. રાધનપુર), વિક્રમ નારાયણભાઈ પટણી (રહે. યશનગર, પાટણ) અને વસંતભાઈ અમથાભાઈ સુથાર (હાલ રહે. રાધનપુર, મૂળ રહે. કનીજ, તા. સમી). પકડવાના બાકી આરોપીઓઃ દિનેશભાઈ નાથાલાલ ઠક્કર (હારિજ), જયદીપ ઉર્ફે જે.ડી. ઠક્કર (અમદાવાદ), મનોજકુમાર ઉર્ફે લાલો નટવરલાલ ઠક્કર (હાલ રહે. રાધનપુર, મૂળ રહે. ધોકાવાડા, તા.સાંતલપુર, હાર્લી પ્રજાપતિ (પાટણ), હર્ષદભાઈ ઠક્કર (અમદાવાદ) અને અશ્વિનભાઈ છગનભાઈ ઠક્કર (રહે. અમદાવાદ).

## ગુજરાતના ખેડુતો માટે ખુશખબરઃ આજે તા. ૧૧ જુનથી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયના ખેડુતોના વિશાળ હિતમાં આવતી કાલે તારીખ ૧૧ જુન ગુરૂવાર થી નર્મદા નહેરોમાંથી સિંચાઈ માટે પાણી છોડવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નર્મદા કમાન્ડ વિસ્તારના ધારાસભ્યો અને સાંસદોએ સિંચાઈ માટે વહેલુ પાણી છોડવાની મુખ્યમંત્રી સમક્ષ રજુઆતો કરી હતી.



મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ રજુઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતા નર્મદા યોજનાના વરીષ્ઠ અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય બેઠક તાત્કાલીક બોલાવીને નર્મદા યોજનામાં ઉપલબ્ધ પાણીના જથ્થાની સમિક્ષા હાથ ધરી હતી. મુખ્યમંત્રીએ ખેડુતોના પાક માટે સિંચાઈના પાણીની જરૂરીયાત ધ્યાનમાં લઈને નર્મદા યોજનાની નહેરોમાંથી સિંચાઈ માટે આયોજન કરતા વહેલા એટલે કે આવતી કાલે તારીખ ૧૧ જુન ૨૦૨૬ ગુરૂવાર થી પાણી છોડવાના દિશા નિર્દેશો આ બેઠકમાં આપ્યા હતા. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ મુકેશપુરી, પાણી પુરવઠા અગ્ર સચિવ શાહમીના હુસેન, મુખ્યમંત્રીના અધિક અગ્રસચિવ ડો. વિક્રાંત પાંડે, સચિવ ડો. અજયકુમાર, સરદાર સરોવર નર્મદા નિગમના ડાયરેકટર કમાન્ડ એરીયા રાબડીયા, ડાયરેકટર કેનાલ તેમજ પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવ ભગદેવ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીનુ દિલ્હીનુ તેડુઃ મહત્વના મુદ્દાઓ પર થઈ શકે છે ચર્ચા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીના દિલ્હી પ્રવાસને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. નાયબ મુખ્યમંત્રી પહેલે થી જ દિલ્હી પહોચી ગયા છે. જયારે મુખ્યમંત્રી પણ ટુંક સમયમાં એટલે કે આજે મંગળવારે રાજધાની પહોચે તેવી શકયતા છે. આગામી બે દિવસ દરમિયાન યોજાનારી વિવિધ મહત્વપૂર્ણ બેઠકો અને કાર્યક્રમોમાં ગુજરાત સરકાર સક્રિય ભાગ લેશે,

દિલ્હી પ્રવાસને કારણે મુખ્યમંત્રીની જનસંપર્ક અને જનપ્રતિનિધિઓ સાથેની કેટલીક નિર્ધારીત મુલાકાતો સ્થગિત કરવામાં આવી છે. ઉપરાંત રાજય કેબિનેટની નિર્ધારીત બેઠક પણ હાલ મૌકુફ રાખવામાં આવી હોવાનુ જાણવા મળી



રહ્યુ છે. જેના કારણે હાલ આ પ્રવાસને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યુ છે. પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના વડાપ્રધાન તરીકેના ૧૨ વરસ પૂર્ણ થવાના અવસરે યોજાનારા વિશેષ કાર્યક્રમોમાં પણ ગુજરાતના પ્રતિનિધિ મંડળની હાજરી રહેવાની સંભાવના છે. સાથે જ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સહિતના વરીષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજાઈ શકે છે. સુત્રોના જણાવ્યા મુજબ વિવિધ વિકાસલક્ષી, વહિવટી અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. રાજયમાં ચાલી રહેલા મોટા પ્રોજેકટ, રોકાણ, ઔદ્યોગિક વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર, કૃષિ અને ટેકનોલોજી આધારીત સુશાસન અંગેની યોજનાઓ કેન્દ્ર સમક્ષ રજુ કરવામાં આવે તેવી શકયતા છે. આ ઉપરાંત રાજયના કેટલાક ચર્ચાસ્પદ મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ શકે છે. સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા, સંવેદનશીલ વિસ્તારોમાં દેખરેખ મજબુત બનાવવાના મુદ્દા તેમજ સુરતના ચર્ચિત ડીમોલેશન પ્રકરણ જેવા વિષયો પણ ચર્ચાના કેન્દ્રમાં રહી શકે છે. સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ ઉચ્ચસ્તરીય ચર્ચા થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સંકલન, ગુન્હાખોરી સામે અસરકારક કાર્યવાહી અને રાજયની આંતરીક સુરક્ષા મજબુત બનાવવા અંગે વિચારણા થઈ શકે છે. રાજકીય નિરીક્ષકોના મતે દિલ્હીમાં યોજાનારી આ બેઠકો ગુજરાત માટે આગામી સમયના વિકાસ, સુરક્ષા અને વહિવટી નિર્ણયો માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

## પંચમહાલ જિલ્લા સમગ્ર શિક્ષણ વિભાગના રૂ.૨.૭૯ કરોડના કૌભાંડમાં બે કરાર આધારીત કર્મીઓની ધરપકડ કરી રીમાન્ડની તજવીજ હાથ ધરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠળના સમગ્ર શિક્ષા અભિયાન વિભાગમાં રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કેસ માં બે કરાર આધારીત કર્મચારીઓ વિરૂધ્ધ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. આ ગુન્હામાં બે આરોપી કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી લીધી છે અને બંને આરોપીઓના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.



પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠળના સમગ્ર શિક્ષા અભિયાન વિભાગમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓ પુજન જોશી અને નિતીન પટેલ એ ૫ જેટલી એજન્સીઓ સાથે મળીને બોગસ ખરીદી બિલોના આધારે રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કર્યાનુ તપાસ દરમિયાન બહાર આવ્યુ હતું. ઓડીટમાં રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કેસ મામલે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા પામી હતી. આ ગુન્હામાં આરોપીઓ પુજન જોશી અને નિતીન પટેલની બી ડીવીઝન પોલીસે ધરપકડ કરી છે. ઉચાપતના કેસમાં ધરપકડ કરાયેલા બંને આરોપીઓના રીમાન્ડ મેળવવા માટે પોલીસ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. પંચમહાલ જિલ્લા સમગ્ર શિક્ષા વિભાગમાં રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કેસમાં ધરપકડ કરી રીમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજુ કરવામાં આવશે. ત્યારે આરોપી કર્મચારીઓના રીમાન્ડ દરમિયાન સમગ્ર શિક્ષા વિભાગના રૂપીયા ૨.૭૯ કરોડના મહાકૌભાંડમાં અન્ય કોની સંડોવણી બહાર આવે છે તે હવે જોવુ રહ્યું.

પંચમહાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠળના સમગ્ર શિક્ષા અભિયાન વિભાગમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીઓ પુજન જોશી અને નિતીન પટેલે ૫ જેટલી એજન્સીઓ સાથે મળીને બોગસ ખરીદીના બિલોના આધારે રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કર્યાનુ તપાસમાં બહાર આવ્યુ હતું.

ઓડીટમાં રૂપીયા ૨.૭૯ કરોડની ઉચાપત કેસ મામલે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા પામી હતી. આ ગુન્હામાં આરોપીઓ પુજન જોશી અને નિતીન પટેલની બી ડીવીઝન પોલીસે ધરપકડ કરી છે. ઉચાપતના કેસમાં ધરપકડ કરાયેલા બંને આરોપીઓના રીમાન્ડ મેળવવા માટે આવતી કાલે બુધવારે કોર્ટમાં રજુ કરવામાં આવશે. ત્યારે કોની કોની સંડોવણી છે તે બહાર આવી શકે છે.

### આગામી VGRC – મધ્ય ગુજરાત પૂર્વે પ્રવાસન આધારિત વિકાસ મોડલ તરીકે ઉભર્યું કાંકરિયા લેકફ્રન્ટ

## ઉનાળુ વેકેશન ૨૦૨૬માં અમદાવાદનું કાંકરિયા બન્યું પ્રવાસીઓ માટે હોટ ફેવરિટઃ ૬.૭૨ લાખ મુલાકાતીઓએ મજા માણી

ગુજરાત આગામી ૨૯-૩૦ જૂન, ૨૦૨૬ના રોજ વડોદરાની GSFC યુનિવર્સિટી ખાતે મધ્ય ગુજરાત માટે ક્ષેત્ર માટે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC)ના આયોજન માટે સજ્જ થઈ રહ્યું છે. પ્રાદેશિક આર્થિક વિકાસને વેગ આપવા માટે આ કોન્ફરન્સ દરમિયાન ફોકસ સેક્ટર તરીકે પ્રવાસન અને સંસ્કૃતિ ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, અમદાવાદનું કાંકરિયા લેકફ્રન્ટ એ બાબતનું નોંધપાત્ર ઉદાહરણ બન્યું છે કે, કેવી રીતે સુવિકસિત પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાંસ્કૃતિક આકર્ષણો અને મનોરંજન સુવિધાઓ શહેરી વિકાસમાં યોગદાન આપી શકે છે, આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે અને વાઈબ્રન્ટ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે શહેરની સ્થિતિને મજબૂત બનાવી શકે છે. અમદાવાદના મણિનગર વિસ્તારમાં (દક્ષિણ ભાગ) આવેલું કાંકરિયા લેકફ્રન્ટ શહેરના સૌથી અગ્રણી પ્રવાસન આકર્ષણોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. કાંકરિયાનું તળાવ એક સમયે તેના સ્થાપત્ય અને સાંસ્કૃતિક મહત્વ માટે જાણીતું હતું, અને આજે તે એક આધુનિક પ્રવાસન અને મનોરંજન સ્થળ તરીકે વિકસિત થયું છે, જે દર વર્ષે ગુજરાત, ભારત અને વિદેશમાંથી લાખો મુલાકાતીઓને આકર્ષિત કરે છે. કાંકરિયા લેકફ્રન્ટ આવાનારા મુલાકાતીઓની સંખ્યામાં સતત થઈ રહેલો વધારો આ સ્થળની લોકપ્રિયતાને સ્પષ્ટપણે દર્શાવે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના જણાવ્યા અનુસાર, ૨૭ એપ્રિલથી ૩ જૂન, ૨૦૨૬ સુધીમાં કુલ ૬,૭૨,૭૮૫ મુલાકાતીઓએ કાંકરિયા લેકફ્રન્ટની મુલાકાત લીધી હતી.

કાંકરિયા લેકફ્રન્ટનું ૨૦૦૮માં સંપૂર્ણ રિડેવલપમેન્ટ કરીને તેને એક વિશ્વ-સ્તરીય જાહેર સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. ૨૫ ડિસેમ્બર ૨૦૦૮ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રોજેક્ટમાં આધુનિક સુવિધાઓ તેમજ વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજનના આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો, જેના પરિણામે કાંકરિયા લેકફ્રન્ટ રાજ્યના અગ્રણી પ્રવાસન સ્થળોમાં સ્થાન પામ્યું છે.

કાંકરિયા લેકફ્રન્ટની સફળતા એ દર્શાવે છે કે, પ્રવાસન ક્ષેત્રે માળખાગત વિકાસમાં કરવામાં આવેલા વ્યૂહાત્મક રોકાણો કેવી રીતે શહેરી વિસ્તારોને આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્રોમાં પરિવર્તિત કરી શકે છે. પ્રવાસીઓને આકર્ષીને, સાંસ્કૃતિક સહભાગિતાને પ્રોત્સાહન આપીને અને રોજગારીની તકોનું સર્જન કરીને કાંકરિયા લેકફ્રન્ટે પ્રવાસન આધારિત વિકાસના વ્યાપક પ્રભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કાંકરિયા લેકફ્રન્ટ ખાતે પ્રવાસીઓની વધતી સંખ્યાના કારણે શહેરને નોંધપાત્ર આર્થિક લાભ થયો છે. શહેરમાં હૉસ્પિટાલિટી, ખાણી-પીણી અને રિટેલ ક્ષેત્રોને નોંધપાત્ર પ્રોત્સાહન મળ્યું છે, જેના પરિણામે સ્થાનિક વ્યવસાયોને વેગ મળ્યો છે અને રોજગારીની નવી તકોનું સર્જન થયું છે. ગુજરાતની આ સિદ્ધિઓ આગામી VGRC સેન્ટ્રલ ગુજરાતના ઉદ્દેશો સાથે સુસંગત છે, જ્યાં પ્રવાસન અને સંસ્કૃતિ દ્વારા ટકાઉ પ્રાદેશિક વિકાસની સંભાવનાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રવાસન અને સંસ્કૃતિ આધારિત વિકાસના એક સફળ મોડેલ તરીકે કાંકરિયા લેકફ્રન્ટ એ દર્શાવે છે કે, સુઆયોજિત પ્રવાસન પહેલો કેવી રીતે આર્થિક વિકાસને વેગ આપી શકે છે, શહેરને નવી ઓળખ આપી શકે છે અને અગ્રણી પ્રવાસન સ્થળ તરીકે ગુજરાતનું સ્થાન વધુ મજબૂત બનાવી શકે છે.

## સુરતના નાસિરનગરના ડિમોલિશન મુદ્દે HCમાં પિટિશન દાખલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સુરતમાં ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલી ડિમોલિશનની કાર્યવાહીનો મામલો હવે હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો છે. સુરતના નાસિરનગરના ભૂતિયા ડિમોલિશનનો વિવાદ હાલ ખૂબ ચર્ચાસ્પદ છે અને ત્યારે આ ડિમોલિશનની કાર્યવાહી પર તાકીદે મનાઈ હુકમ આપવાની દાદ માંગવામાં આવી છે. આ મામલે આગામી દિવસોમાં હાઈકોર્ટ સમક્ષ સુનાવણી હાથ ધરાય એવી શક્યતા છે. સુરતના નાસિરનગરથી અરજદાર શેખ હુસૈન અઝીઝએ એડવોકેટ ઝમીર શેખ મારફતે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. આ અરજીમાં ગુજરાત રાજ્ય, સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ કમિશનર, ડેપ્યુટી કમિશનરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.અરજદારે સુરતના વેડ દરવાજા સ્થિત નાસિરનગર વસ્તીમાં છેલ્લા આશરે ૩૫ વર્ષથી તેમના પરિવાર સાથે રહે છે. અરજદારના જન્મ પહેલાં તેમના પિતા પણ આ જ સ્થળે રહેતા હતા. તેઓ સુરત મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતો પ્રોપર્ટી ટેક્સ પણ નિયમિતપણે ભરે છે. જેના પુરાવા તરીકે વર્ષ ૧૯૯૬, ૨૦૧૧ અને ૨૦૧૮ની મિલકત વેરાની રિસિપ્ટ્સ તેમજ વર્ષ ૨૦૦૬નું ટોરેન્ટ પાવરનું વીજળીનું બિલ અરજી સાથે સામેલ કરવામાં આવ્યું છે.અરજદારે એવી રજૂઆત કરી છે કે ૨૯મી મે, ૨૦૨૬ના રોજ સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને પોલીસ કાફલાએ કોઈપણ જાતની પૂર્વ સૂચના કે નોટિસ આપ્યા વિના નાસિરનગર વિસ્તારમાં ડિમોલિશનની કામગીરી શરૂ કરી હતી. બીજી જૂન, ૨૦૨૬ સુધીમાં ત્યાં આશરે ૧૫૦ જેટલાં મકાનો તોડી પાડવામાં આવ્યા છે. અરજદારને ડર છે કે અન્ય મકાનોની જેમ તેમનું મકાન પણ તોડી પાડવામાં આવશે. વધુમાં, પોલીસ તંત્ર દ્વારા સ્થાનિક રહીશોને એવી ધમકી આપવામાં આવી રહી છે કે જો તેઓ આ ડિમોલિશનની કામગીરીમાં અવરોધ ઊભો કરશે, તો તેમની સામે ગુનાહિત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નાસિરનગરમાં આશરે ૨૫૦ થી વધુ પરિવારો રહે છે અને આ કામગીરીથી તેઓ ઘરવિહોણા થઈ જશે.વધુમાં અરજદારે જણાવ્યું છે કે ભારતીય બંધારણ મુજબ કાયદાની યોગ્ય પ્રક્રિયા વિના કોઈપણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાય નહીં. નોટિસ કે સાંભળવાની તક ન આપીને કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને મૂળભૂત હકોનો ભંગ થયો છે. જો આ જમીનને સરકારી કે જાહેર જગ્યા ગણવામાં આવે તો પણ ધ ગુજરાત પબ્લિક પ્રીમાઈસિસ એક્ટ, ૧૯૭૨ ની કલમ ચાર હેઠળ સક્ષમ અધિકારી દ્વારા રહીશોને લેખિતમાં શો કોઝ નોટીસ આપવી અને ઓછામાં ઓછા ૧૦ દિવસનો સમય આપવો ફરજિયાત છે. જે આ કેસમાં કરવામાં આવ્યું નથી.ધ ગુજરાત સ્લમ એરિયાઝ એક્ટ, ૧૯૭૩ ની કલમ ૪૪ મુજબ પણ કોઈપણ મકાનમાં પ્રવેશતા પહેલાં કબજેદારને ઓછામાં ઓછી ૨૪ કલાકની લેખિત નોટિસ આપવી અનિવાર્ય છે. આ વિવાદિત જમીન સરકારની વર્ષ ૨૦૧૩ની પુનર્વસન નીતિ હેઠળ આવરી લેવાયેલી છે. તેથી વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા કર્યા વિના આ પ્રકારે તોડફોડ કરવી ગેરકાયદે છે. અરજદારે હાઈકોર્ટ સમક્ષ માંગ કરી છે કે સુરતના નાસિરનગર ખાતે ૨૮મી મે, ૨૦૨૬થી ચાલી રહેલી ગેરકાયદેસર ડિમોલિશનની કામગીરી પર તાત્કાલિક સ્ટે આપવામાં આવે.

### દિલ્હીની ફ્લાઈટની ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી

## રાજકોટમાં હીરાસર એરપોર્ટ પર દિલ્હીની ફ્લાઈટને બર્ડ હિટ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં દિલ્હીની ફ્લાઈટની ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. હીરાસર એરપોર્ટ પર ફ્લાઈટ ટેકઓફ કરતી હતી ત્યારે જ બર્ડ હિટ થતાં ફ્લાઈટ ફરીથી લેન્ડ કરવાની ફરજ પડી હતી. દિલ્હીની ફ્લાઈટમાં કુલ ૧૨૪ પ્રવાસીઓ સવાર હતા. એર ઈન્ડિયાની ફ્લાઈટના પંખામાં નુકસાન થયું હતું. એર ઈન્ડિયાની ફ્લાઈટના પંખામાં નુકસાન થયું હતું.

ફ્લાઈટ રિપેરિંગ બાદ ડીજીસીએની ટીમ દ્વારા પણ ચકાસણી કરવામાં આવશે. ઈન્સ્પેકશન ટ્રાયલ બાદ જ ફ્લાઈટને ઉડાન માટે મંજૂરી આપવામાં આવશે.

આ પહેલા ગયા વર્ષે અમદાવાદમાં જુલાઈમાં મુંબઈથી અમદાવાદ આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટને લેન્ડિંગ દરમિયાન બર્ડ હિટનો ગંભીર બનાવ બન્યો, જેમાં ૧૩૦થી વધુ મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. ફ્લાઈટ રાત્રે ૮:૪૫ વાગ્યે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના રનવે ૨૩ પર ફાઈનલ એપ્રોચ દરમિયાન લેન્ડ થઈ ત્યારે એક પક્ષી વિમાનના એન્જિનમાં ઘૂસી ગયું હતું. આ ઘટનાથી વિમાનના એન્જિનની બ્લેડ તૂટી ગઈ હોવાનું જાણવા મળ્યું, જેના કારણે વિમાનને તાત્કાલિક ગ્રાઉન્ડ કરવામાં આવ્યું હતું.

ફ્લાઈટ સુરક્ષિત રીતે પાર્કિંગમાં લાવવામાં આવી, પરંતુ તપાસ દરમિયાન એન્જિનની બ્લેડ તૂટેલી હોવાનું જણાયું. આ ઘટનાને કારણે રવિવારે રાત્રે ૮:૩૦ વાગ્યે અમદાવાદથી મુંબઈ જવા રવાના થનારી આ ફ્લાઈટ રદ થઈ, જેના કારણે ૧૫૬ મુસાફરો અટવાઈ પડ્યા હતા. એર ઈન્ડિયાએ ૧૦૦ આંતરરાષ્ટ્રીય મુસાફરોને બીજી ફ્લાઈટમાં ટ્રાન્સફર કરીને તેમની મુસાફરીની વ્યવસ્થા કરી હતી. તૂટેલી બ્લેડને રિપેર કરવા માટે દિલ્હીથી નવી બ્લેડ મંગાવવામાં આવી, અને ૧૨ કલાકની તકનીકી કામગીરી બાદ વિમાનને સોમવારે સવારે ૮:૩૦ વાગ્યે મુંબઈ રવાના કરવામાં આવ્યું હતું. અમદાવાદ એરપોર્ટ પર બર્ડ હિટની ઘટનાઓ વધી રહી છે. છેલ્લા સાત વર્ષમાં ટેકઓફ અને લેન્ડિંગ દરમિયાન ૩૨૪ પક્ષીઓ અને પ્રાણીઓ વિમાનો સાથે ટકરાયા છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# કાટમાળ નીચે દબાયા દિકરીના લગ્નના અરમાનઃ સુરતમાં ભુતિયા બુલડોઝરે એક લાચાર માતાની આખી જીંદગીની મુડી કચડી નાંખી




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સુરતના નકલી બુલડોઝર કાંડે સમગ્ર રાજયમાં રાજકીય ચર્ચાનુ કેન્દ્ર બન્યુ છે. ૧૦૦ થી વધુ મકાનો પર બુલડોઝર પોલીસ બંદોબસ્ત વચ્ચે ફરીવળે, અને પછી ખબર પડે કે કોર્પોરેશનના આ બુલડોઝર ન હતા, ભાજપના ધારાસભ્યો કિશોર કાનાણી અને વિનુ મોરડીયા બંને મેદાનમાં આવ્યા છે એટલે સમગ્ર પ્રકરણમાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. હદ તો ત્યાં થઈ કે આ કેસ માં પોલીસ કેસ પણ થયો નથી.

હવે બુલડોઝર પણ નકલી નિકળ્યુ તે વાતે જોર પકડયુ છે. સૌરાષ્ટ્રના જ બિલ્ડરના લાભાર્થે ઘટના બની હોવાની પણ ચર્ચા છે. એટલે આપણે પણ કહેવુ પડે બાપા સીતારામની જય હો, સુરતના નાસીરનગર માં ૨૦૦ મકાનોનુ ભુતિયા ડીમોલેશન બાદ ગરીબોની દયનીય સ્થિતિ જોવા મળી હતી. લગભગ ૨૦૦ થી વધુ મકાનોનુ ડીમોલેશન થતા તમામ પરીવારો રાતોરાત બેઘર થયા હતા. હાલ ઘરની બહાર મહિલાઓ રડતી જોવા મળી રહી છે. પોતાના મકાનની છત ન રહેતા મહિલાઓ રડી રહી છે. એક વૃધ્ધ મહિલાનો પતિ નથી અને દિકરીના લગ્ન રવિવારે છે. એક મહિલાએ કહ્યુ હતુ કે મકાનની અંદર મારી દિકરીના લગ્નનો સામાન હતો પરંતુ અમને લગ્નનો સામાન પણ તંત્ર દ્વારા બહાર કાઢવામાં આવ્યો ન હતો. અને તેના પર બુલડોઝર ચલાવી દેવાયું. હાલ લગ્નનો સામાન કાટમાળ નીચે દબાયેલો છે. દિકરીના લગ્ન કઈ રીતે કરવા તે વિચારી વૃધ્ધા રડી રહી છે. રડી રહેલી આ મહિલા ખુદ મીડીયા સામે બોલી શકી પણ ન હતી. તેમની સાથે ઉભેલી મહિલાએ જવાબ આપતા કહ્યુ હતુ કે તેમનુ કેન્સરનુ ઓપરેશન થયુ છે. તેથી જીભ કાપવામાં આવી છે. તેથી તેઓ બોલી શકતા નથી, રવિવારે તેમની દિકરીના લગ્ન હતા, મહિલાના પતિ જીવીત નથી, એક એક રૂપીયો જોડીને તેઓએ દિકરીના લગ્ન માટે સામાન એકઠો કર્યો હતો. એ બધો કાટમાળ નીચે દબાઈ ગયો, એ લોકોને સામાન બહાર કાઢવાનો પણ સમય ન અપાયો. હવે દિકરીના લગ્ન કેવી રીતે કરશે, બોલી ન શકતી મહિલાએ રડીને પોતાનો હાલ વ્યકત કર્યો હતો.

સુરતના નાસીરનગરના ૧૦૦ થી વધુ મકાનો ડીમોલેશન મામલે નવા અપડેટ આવ્યા છે. જે બિલ્ડરના ઈશારે બાંધકામ તુટયાનો આરોપ છે. તેના બિલ્ડીંગ બાંધકામની મંજુરી નથી હોવાનુ બહાર આવ્યુ છે. બિલ્ડરને રસ્તો આપવાના નામે ૧૦૦ મકાનો તોડી પાડયા હોવાનો આક્ષેપ કરાયો છે. મનપા દ્વારા હવે બિલ્ડરને બાંધકામ માટે નોટીસ ફટકારી છે. મંજુરી ન હોવા છતાં કાર્યવાહીના બદલે માત્ર પુરાણ કરવા માટેનો નોટીસમાં ઉલ્લેખ કરાયો છે. બેઝમેન્ટ સુધી બાંધકામ થઈ ગયુ હોવા છતાં તંત્ર ચુપ તેને લઈ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સમગ્ર ઘટનામાં ગરીબોના ૧૦૦ મકાન કોણે તોડી પાડયા તે પણ એક હજુ રહસ્ય છે. નવી ઈમારતમાં બેઝમેન્ટ સુધીનુ બાંધકામ થઈ ગયુ ત્યાં સુધી તંત્ર ચુપ રહ્યું. બાજુમાં જ ચાલી રહેલા મસમોટા ગેરકાયદે બાંધકામને બચાવવા તંત્રએ આકાશ પાતાળ એક કર્યા છે. ખાનગી જમીનમાં રસ્તાના બહાને ગરીબોના મકાનો તોડાયા તે જ દિવસે દોઢ વરસથી ચાલતા આ મસમોટા ગેરકાયદે બાંધકામને માત્ર નોટીસ અપાઈ હતી. વિવાદીત જમીનને અડીને જ આવેલી જમીન પર દોઢ વરસથી કોઈપણ મંજુરી વગર ૧૨ ટાવર ઉભા કરવાનુ ગેરકાયદે બાંધકામ ધમધમી રહ્યુ છે. આ માટે એકપણ મંજુરી લેવામાં આવી નથી, છતાં તેને નોટીસ પણ માત્ર ખોદાણ પુરવા માટેની આપવામાં આવી છે.

# ગુજરાત પોલીસમાં મોટા ફેરફારોની અટકળો બની તેજઃ ગૃહવિભાગ ટુંક સમયમાં બદલીઓ નો દોર શરૂ કરશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના નવા પોલીસ વડા તરીકે જી એસ મલીકે ચાર્જ સંભાળ્યા બાદ હવે રાજયના પોલીસ બેડામાં અમદાવાદના નવા પોલીસ કમિશ્નર કોણ બનશે તે અંગે ચર્ચાઓ તેજ બની છે. ગૃહ વિભાગ દ્વારા ટુંક સમયમાં આ અંગે નિર્ણય લેવામાં આવે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. પોલીસ વિભાગના સુત્રોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ હાલમાં દિલ્હી ડેપ્યુટેશન પર રહેલા ૧૯૯૪ બેચ ના આઈપીએસ અધિકારી મનોજ શશીધરન નુ નામ અમદાવાદ પોલીસ કમિશ્નર પદ માટે આગળ છે. હાલમાં તેઓ કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ) સ્પેશ્યલ ડાયરેકટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. જો તેમની નિમણુંક અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે કરવામાં આવે તો રાજયના અન્ય શહેરોમાં મોટા ફેરફારો થવાની શકયતા ઓછી માનવામાં આવી રહી છે. તો બીજી તરફ સુરત પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવી રહેલા ૧૯૯૭ બેચના આઈપીએસ અધિકારી અનુપમસિંહ ગેહલોતને અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે મુકવામાં આવે તેવી પણ ચર્ચા છે, જો આવુ થાય તો રાજયના અન્ય મહાનગરોમાં પણ પોલીસ કમિશ્નર સ્તરે વ્યાપક ફેરફારો જોવા મળી શકે છે. ચર્ચા મુજબ સુરત શહેરના નવા પોલીસ કમિશ્નર તરીકે ૧૯૯૮ બેચ ના આઈપીએસ અધિકારી પીયુષ પટેલની નિમણુંક થઈ શકે છે. આ ઉપરાંત રાજકોટ પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા ના સ્થાને હાલમાં વડોદરા રેન્જના મહાનિરીક્ષક સંદિપસિંહ ની બદલી કરવામાં આવે તેવી પણ અટકળો ચાલી રહી છે.

તો બીજી તરફ વડોદરાના પોલીસ કમિશ્નર પદ માટે હાલમાં ગૃહવિભાગમાં સચિવ તરીકે ફરજ બજાવી રહેલા નિપૂર્ણા તોરવણે નુ નામ પણ ચર્ચામાં છે. રાજયના પોલીસ બેડા માં હાલમાં આ સંભવિત ફેરફારો અંગે વિવિધ સ્તરે ચર્ચા ચાલી રહી છે. જો કે ગૃહવિભાગ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આગામી દિવસોમાં સરકાર દ્વારા લેવાતા નિર્ણય પર સૌની નજર મંડાયેલી છે. તો બીજી તરફ પોલીસ ફેરફાર માં વિધાનસભા ચુંટણીના સમીકરણને પણ ધ્યાનમાં રખાશે. હાલમાં જે મહાનગરોમાં પોલીસ કમિશ્નર ફરજ બજાવી રહ્યા છે તે તમામ બે વરસ કે વધુ સમયથી આ મહાનગરોમાં ફરજ બજાવે અને ચુંટણીના સમયે સામાન્ય રીતે ચુંટણીપંચ કોઈપણ ટોચના અધિકારી જે એક જ સ્થળે ૩ વરસ કે તેથી વધુ વરસ ફરજ બજાવતા હોય તેમની બદલીની સુચના આપે છે અને દરેક ચુંટણી સમયે આ કવાયત થાય છે અને સરકાર તે અગાઉ જ આ પ્રકારે ફેરફાર કરીને તે શકય છે. તો બીજી તરફ અમદાવાદ પોલીસ કમિશ્નર તરીકે કોને મુકવામાં આવે છે તેના પર તમામ ગણિત આધાર રાખશે. આ ઉપરાંત ઈન્ચાર્જ પોલીસવડા તરીકે કામગીરી બજાવનાર ડો. કે એલ એમ રાવ કે જે હાલમાં ગુજરાતમાં સૌથી સીનીયર પોલીસ અધિકારી છે. તેમને પણ સરકાર કઈ જવાબદારી સોંપે છે તેના પર નજર છે. નવા પોલીસવડા જી એસ મલીક તેમના જુનીયર છે અને સામાન્ય રીતે આ પ્રકારની વ્યવસ્થામાં સીનીયર આઈપીએસ અધિકારીને તેના જુનીયરને રીપોર્ટીંગ કરવુ પડે તેવા પદ પર પોસ્ટીંગ અપાતુ નથી અને આથી ડોકટર રાવ નુ પોસ્ટીંગ મહત્વનુ બની જશે.

### ૧ ૨ વર્ષ : જનવિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના

# ગુજરાતના ૬૯ લાખ ખેડૂત પરિવારો માટે આર્થિક સંજીવની બની 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના'



ગુજરાતમાં કૃષિ ક્રાંતિ અને ખેડૂતોના આર્થિક સશક્તિકરણની દિશામાં એક નવો ઈતિહાસ રચાયો છે. 'પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના' (પીએમ કિસાન યોજના) હેઠળ શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં, એટલે કે કુલ ૨૨ હપ્તામાં રાજ્યના ૬૯.૨૫ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૨૩,૦૮૩ કરોડથી વધુની જંગી સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવી છે.દેશના વડાપ્રધાન તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે, આ યોજના ભારતના કૃષિ ક્ષેત્ર માટે આર્થિક સુરક્ષા કવચ સાબિત થઈ રહી છે. રાષ્ટ્રીય સ્તરે પણ આ યોજનાનો વ્યાપ અભૂતપૂર્વ રહ્યો છે, જે અંતર્ગત દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૪.૨૭ લાખ કરોડથી પણ વધુની સહાય ચૂકવીને દેશના અન્નદાતાને આર્થિક રીતે સક્ષમ અને આત્મનિર્ભર બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં આ યાત્રાની શરૂઆત પ્રથમ હપ્તા વખતે રાજ્યના ૨૮.૬૫ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૫૭૨.૨૧ કરોડની ચૂકવણી સાથે થઈ હતી, જે આજે ૨૨ હપ્તાઓ પૂર્ણ થતાં સુધીમાં ૬૯.૨૫ લાખ લાભાર્થી કુટુંબો સુધી વિસ્તરી ચૂકી છે. તાજેતરમાં જ ૨૨મા હપ્તામાં ગુજરાતના ૫૦.૫૪ લાખથી વધુ ખેડૂત કુટુંબોને રૂ. ૧,૦૧૦ કરોડથી વધુની સહાય સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે, યોજનાનો વ્યાપ અને તેની સફળતા દર વર્ષે સતત વધી રહ્યા છે, જેનાથી છેવાડાના ખેડૂત સુધી સરકારી સહાય કોઈ પણ અડચણ વગર પારદર્શી રીતે પહોંચી રહી છે.

રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પીએમ કિસાન યોજના અંગે પોતાના વિચાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, "પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાએ ધરતીપુત્રોને આર્થિક સુરક્ષા-કવચ પૂરું પાડ્યું છે. આ સહાયના કારણે નાના અને સીમાંત ખેડૂતોને ખેતીમાં જરૂરી બિયારણ, ખાતર જેવા ઈનપુટ માટે આર્થિક મદદ પ્રાપ્ત થાય છે."

સામાન્ય રીતે ખરીફ કે રવિ પાકની વાવણી સમયે ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓ ખરીદવા માટે મોટી નાણાકીય કટોકટીનો સામનો કરવો પડતો હતો, જેના કારણે ભૂતકાળમાં ખેડૂતો વ્યાજખોરોના ચક્રવ્યૂહમાં ફસાઈ જતા હતા. પરંતુ પીએમ કિસાન યોજના અંતર્ગત દર ચાર મહિનાના અંતરે અપાતો રૂ. ૨,૦૦૦નો હપ્તો ખેડૂતો માટે આર્થિક સુરક્ષા કવચ બની રહ્યો છે. ગાંધીનગર જિલ્લાના દશેલા ગામના ખેડૂત શ્રી ગોવિંદભાઈ પટેલ કહે છે કે, "સરકાર તરફથી વર્ષમાં જે ત્રણ હપ્તા સીધા બેંક ખાતામાં મળે છે, તેનાથી અમને ખેતી માટે ખાતર, બિયારણ અને દવા જેવી વસ્તુઓ લેવામાં સમયસર મદદ મળી રહે છે; આ રકમને લીધે અમે મગફળી અને કપાસ જેવા પાકોનું વાવેતર નિરાંતે કરી શકીએ છીએ."

તેમની વાતમાં સૂર પુરાવતા ખેડૂત શ્રી રમેશભાઈ પટેલ કહે છે કે, "મજૂરી, ડીઝલ અને મેન્ટેનન્સ જેવા નાના ખર્ચને પહોંચી વળવામાં આવી સરકારી યોજનાઓ જ ખેડૂતને ખેતરમાં અડીખમ ટકી રહેવા માટે મજબૂત પીઠબળ પૂરું પાડે છે."

આ નાણાકીય ટેકાના કારણે ગુજરાતના નાના અને મધ્યમ વર્ગના ખેડૂતો સમયસર ઉત્તમ ગુણવત્તાનું બિયારણ લાવી શક્યા છે, જેના લીધે જમીનની ઉત્પાદકતા અને પાકની તંદુરસ્તીમાં મોટો સુધારો નોંધાયો છે.

વળી, યોજનાની શરૂઆતમાં રાખવામાં આવેલી ૨ હેક્ટર સુધીની જમીન મર્યાદાને વડાપ્રધાનશ્રીએ વ્યાપક જનહિતમાં સંપૂર્ણપણે દૂર કરી દેતાં હવે રાજ્યના તમામ જમીનધારક ખેડૂતોને આ સમાન આર્થિક ન્યાયનો લાભ મળી રહ્યો છે.

આ યોજનાની સૌથી મોટી અને પાયાની વિશેષતા એ છે કે, તેમાં વચેટિયાઓ કે ભ્રષ્ટાચારને કોઈ સ્થાન નથી અને ૧૦૦ ટકા રકમ સીધી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા ખેડૂતોના ખાતામાં જમા થાય છે. યોજનામાં સંપૂર્ણ પારદર્શિતા જાળવવા અને સાચા અન્નદાતા સુધી જ લાભ પહોંચાડવા માટે સરકારે ટેક્નોલોજીનો સુદ્રઢ ઉપયોગ કર્યો છે.

આ અંતર્ગત ૧૨મા હપ્તાથી જમીનના ડિજિટલ રેકોર્ડની વેરિફિકેશન પ્રક્રિયા એટલે કે 'લેન્ડ સીડિંગ' ફરજિયાત કરવામાં આવી. ત્યારબાદ ૧૩મા હપ્તાથી બેંક ખાતા સાથે 'આધાર સીડિંગ' અને ડીબીટી પ્રક્રિયા અનિવાર્ય કરાઈ, જ્યારે ૧૫મા હપ્તાથી 'ઈ-કેવાયસી' ફરજિયાત કરવામાં આવ્યું છે. આ થ્રી-લેયર સુરક્ષા પ્રક્રિયાને કારણે વચેટિયાઓની ભૂમિકા સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ અને યોજનાનો લાભ માત્ર અને માત્ર સાચા ધરતીપુત્રોને જ મળી રહ્યો છે.

- નિતિન રથવી

### ગુજરાતમાં ૫.૯૬ લાખથી વધુ લખપતિ દીદીઓ, મહિલા આર્થિક સશક્તિકરણમાં રાજ્યની નોંધપાત્ર પ્રગતિ

# શ્રી નરેન્દ્ર મોદીના વડાપ્રધાન તરીકેના ૧ ૨ વર્ષઃ લખપતિ દીદી યોજના ગ્રામીણ મહિલાઓની આવકસર્જન, ઉદ્યોગસાહસિકતા અને નેતૃત્વની ક્ષમતાને આપી રહી છે નવી દિશા

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગત ૧૨ વર્ષોમાં મહિલાઓ ભારતની વિકાસયાત્રાનો એક અભિન્ન ભાગ બની છે. વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ભારત અભિયાન, પ્રધાનમંત્રી જન ધન યોજના, ઉજ્જવલા યોજના, પીએમ મુદ્રા યોજના, પીએમ આવાસ યોજના અને બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન જેવી પહેલો દ્વારા 'વીમેન-લેડ ડેવલપમેન્ટ' એટલે કે મહિલાઓના નેતૃત્વમાં વિકાસના વિઝનને સતત આગળ ધપાવ્યું છે. આ તમામ પહેલોએ ઉદ્યોગસાહસિકતા, નાણાકીય સશક્તિકરણ અને જીવનનિર્વાહની વધુ સારી તકો દ્વારા નારીશક્તિને સશક્ત બનાવી છે. આ પહેલોમાં, 'લખપતિ દીદી યોજના' ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા, તેમને ટકાઉ આવક મેળવવા માટે પ્રોત્સાહિત કરવા, નાણાકીય સ્વતંત્રતા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય પગલા તરીકે ઉભરી આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીએ રાજ્યમાં ૧૦ લાખ સંભવિત લખપતિ દીદીઓની ઓળખ કરી છે, જેમાંથી ૫.૯૬ લાખ મહિલાઓ હાલ લખપતિ દીદી બની ચૂકી છે. આ સિદ્ધિ રાજ્યભરમાં મહિલા-કેન્દ્રિત વિકાસની વધતી શક્તિ અને મહિલાઓના આર્થિક સશક્તિકરણની સફળતાને પ્રતિબિંબિત કરે છે.

રાજ્ય સરકારે જિલ્લા અને તાલુકા સ્તરે ૧૨૪ માસ્ટર ટ્રેનર્સની નિમણૂક કરી છે, જેમને રાષ્ટ્રીય સ્તરના રિસોર્સ પર્સન્સ દ્વારા તાલીમ આપવામાં આવી છે. આ માસ્ટર ટ્રેનરોએ કૃષિ સખીઓ, પશુ સખીઓ અને બેંક સખીઓ સહિત ૧૦,૦૦૦થી વધુ કોમ્યુનિટી રિસોર્સ પર્સન્સ (CRPs)ને તાલીમ આપી છે, જેનાથી આ યોજનાનું જમીની સ્તરે અમલીકરણ મજબૂત બન્યું છે.

શું છે લખપતિ દીદી યોજના?

લખપતિ દીદી યોજના એ ભારત સરકારના દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ મહિલાઓ દ્વારા સંચાલિત ગ્રામીણ આજીવિકા કાર્યક્રમ છે. આ યોજનાનો ઉદ્દેશ ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓને જૂથમાં સંગઠિત કરીને તેઓને આવશ્યક તાલીમ, આર્થિક સહાય, ધિરાણ અને બજાર વ્યવસ્થા ઉપલબ્ધ કરાવીને આર્થિક રીતે પગભર કરવાનો છે. આ યોજના અંતર્ગત, સ્વ-સહાય જૂથોમાં કામ કરતી એવી મહિલાઓ જેમના પરિવારોની વાર્ષિક આવક રૂ.૧ લાખથી વધુ છે, તેમને લખપતિ દીદી તરીકે ઓળખવામાં આવે છે. ગ્રામીણ વિકાસ મંત્રાલય ગ્રામીણ ભારતમાં SHGs દ્વારા આ યોજનાનો અમલ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, DAY-NRLM માળખા હેઠળ ગુજરાત દેશમાં આ યોજના હેઠળ સક્રિય રાજ્યોમાંના એક તરીકે ઉભરી આવ્યું છે.

નવસારીની કલેક્ટર ઓફિસમાં કેન્ટીન ચલાવતા ભાવનાબેન મેળવી રહ્યા છે વાર્ષિક રૂ.૧૦.૧૬ લાખની આવક

નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં આવેલા નોગામા ગામના ભાવનાબેન પટેલ આજે ગુજરાતના સફળ લખપતિ દીદી બન્યા છે, જેઓ આજીવિકા માટેની અનેકવિધ પ્રવૃત્તિઓ થકી વાર્ષિક લગભગ રૂ.૧૦.૧૬ લાખની કમાણી કરે છે. તેઓ વર્ષ ૨૦૧૪થી ગાયત્રી સખીમંડળ સાથે સંકળાયેલા છે, જેના કારણે તેઓને 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' હેઠળ યોજાતી મીટિંગો, વર્કશોપ અને જાગૃતિ કાર્યક્રમો દ્વારા વિવિધ સરકારી યોજનાઓ અને આજીવિકાની તકો વિશે જાણકારી મળી. મિશન મંગલમ પહેલથી પ્રેરિત થઈને અને તેઓના સ્વસહાય જૂથ એટલે કે ગાયત્રી સખીમંડળની સહાયથી તેમણે કેન્ટીન અને કેટરિંગ સેવાઓ આપવાનું કામ શરૂ કર્યું.

આજે, ભાવનાબેન નવસારીમાં કલેક્ટર ઓફિસમાં એક કેન્ટીન ચલાવે છે અને સખી મંડળના અન્ય સભ્યો સાથે કેટરિંગ સેવાઓ પૂરી પાડે છે. તેમની વાર્ષિક આવકમાં કેન્ટીન વ્યવસાયમાંથી રૂ.૨ લાખ, કેટરિંગ સેવાઓમાંથી રૂ.૫ લાખ, કૃષિમાંથી રૂ.૧ લાખ અને અન્ય સ્રોતોમાંથી રૂ.૨.૧૬ લાખનો સમાવેશ થાય છે, જેના કારણે તેમની કુલ વાર્ષિક કમાણી રૂ.૧૦.૧૬ લાખ થઈ ગઈ છે. તેમણે અન્ય સરકારી યોજનાઓનો પણ લાભ મેળવ્યો છે, જેમકે લેપટોપ ખરીદવા માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેથી લોન અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસેથી આયુષ્માન કાર્ડ પણ મેળવ્યું છે. સખીમંડળમાં જોડાવાને કારણે ભાવનાબેનને આર્થિક સ્થિરતા મળી છે, તેમનું જીવનધોરણ સુધર્યું છે અને તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. હવે લખપતિ દીદી તરીકે તેઓ અન્ય મહિલાઓને આત્મનિર્ભરતા અને આર્થિક સશક્તિકરણ માટેની પ્રેરણા આપી રહ્યા છે.

ખેડા જિલ્લાના શિલ્પાબેન પંડ્યા કુદરતી શરબતના વ્યવસાયમાંથી મેળવે છે વાર્ષિક રૂ.૧૦ લાખની આવક

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના નેનપુર ગામના શિલ્પાબેન પંડ્યા તેમના ફૂડ પ્રોસેસિંગ એકમ દ્વારા સફળ લખપતિ દીદી બન્યા છે. તેઓ માર્ચ ૨૦૧૦થી શિલ્પા સખીમંડળ સાથે સંકળાયેલા છે, અને હાલમાં તેઓ નેનપુર વિલેજ ઓર્ગેનાઇઝેશન (VO) અને ક્લસ્ટર લેવલ ફેડરેશન (CLF) માં આ સખીમંડળના પ્રેસિડેન્ટ તરીકે સેવા આપી રહ્યા છે. શિલ્પાબહેને પોતાના સ્વ-સહાય જૂથને રિવોલ્વિંગ ફંડ મળ્યા પછી પંચામૃત, લીંબુ, સ્ટ્રોબેરી અને જામફળ જેવી ફ્લેવરમાં રંગો ઉમેર્યા વિના કુદરતી શરબત બનાવવાનું શરૂ કર્યું.

રૂરલ સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (R-SETI) એટલે કે ગ્રામીણ સ્વ-રોજગાર તાલીમ સંસ્થાઓમાંથી ફૂડ પ્રોસેસિંગની તાલીમ મેળવ્યા પછી, તેઓએ પોતાના આ સાહસનો વધુ વિસ્તાર કર્યો. આજે તેમનું આ ફૂડ પ્રોસેસિંગ એકમ માત્ર તેના પરિવાર માટે નાણાકીય સ્થિરતા જ નહીં પરંતુ અન્ય મહિલાઓ માટે આજીવિકાની તકો પણ ઉભી કરે છે, અને મહિલાઓના નેતૃત્વ હેઠળના આર્થિક સશક્તિકરણમાં યોગદાન આપે છે.

ગુજરાતની લખપતિ દીદીઓના આ તો થોડાંક જ ઉદાહરણો છે. રાજ્યભરમાં આવી હજારો લખપતિ દીદીઓ છે, જેઓ સતત પ્રગતિ કરી રહી છે, વધુ ને વધુ આવક મેળવી રહી છે અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીપૂર્ણ પહેલ એવી આ લખપતિ દીદી યોજના ગ્રામીણ સ્તરે પરિવર્તનની એક સશક્ત પહેલ બનીને ઉભરી છે. આ યોજના મહિલાઓને 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત' ના વિઝનમાં યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરે છે.

# પશુપાલકોને મોટો ઝટકોઃ દુધ સાગર ડેરીએ સાગરદાણના ભાવમાં કર્યો રૂ.૨૫૦નો તોતીંગ વધારો




પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણાની દુધ સાગર ડેરી એ ખેડુતો અને પશુપાલકોને આર્થિક મોરચે મોટો ઝટકો આપ્યો છે. ડેરી તંત્ર દ્વારા પશુઆહાર સાગરદાણ ના ભાવમાં પ્રતિ બોરી ૨૦૦ થી ૨૫૦ રૂપીયા સુધીનો તોતીંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ અસહ્ય ભાવવધારાને કારણે દુધ ઉત્પાદકો અને પશુપાલકોમાં ભારે રોષ ફાટી નિકળ્યો છે અને મહેસાણાના સહકારી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. પશુપાલકોના હિત માટે કામ કરતી દુધ હિત રક્ષક સમિતીએ આ મામલે ડેરી પ્રશાસનને આડે હાથ લીધુ છે અને વધેલા ભાવ પાછા ખેંચવા માટે ૧૦ દિવસનુ અલ્ટીમેટમ આપ્યુ છે. પશુપાલકોના જણાવ્યા મુજબ એક તરફ મોઘો દાણ અને ઘાસચારો ખરીદવો પડી રહ્યો છે. તો બીજી તરફ દુધના પુરતા ખરીદ ભાવ મળી રહ્યા નથી. આવી સ્થિતિમાં સાગરદાણ ના ભાવ આભ ને આંબી જતા પશુપાલનનો ખર્ચ સતત વધી રહ્યો છે અને સામાન્ય પશુપાલકો આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. દુધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી દ્વારા લેવાયેલા આ નિર્ણય થી ગ્રામિણ સ્તરે પશુપાલકોનો આક્રોશ ચરમસીમાએ પહોચ્યો છે. દુધ હિત રક્ષક સમિતિ દ્વારા ડેરી તંત્રને લેખિતમાં કડક ચેતવણી આપવામાં આવી છે કે જો આગામી ૧૦ દિવસમાં આ ભાવવધારો પાછો ખેંચવામાં નહી આવે તો તમામ દુધ મંડળીઓ આવેદનપત્ર આપીને વિરોધ પ્રદર્શન શરૂ કરશે. સમિતિના અગ્રણી ભગવાનભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે જો દુધ સાગર ડેરી ભાવ પરત નહી ખેંચે તો દુધનો વ્યવસાય થંભાવી દે તેવુ મોટુ અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ભુતકાળમાં વિપુલભાઈ ચૌધરીના શાસનકાળ દરમિયાન ઉભા થયેલા વિવાદો બાદ જે રીતે સમિતિઓ સક્રિય થઈ હતી, તે જ રીતે હવે અશોક ચૌધરીના આ નિર્ણય સામે પણ મોરચો મંડાયો છે.

# ભાવનગરમાં નિલમબાગ પોલીસ સ્ટેશનના કર્મીઓ ઘેરાયાઃ શિસ્ત સુધારવા કડક પગલાં લેવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગર પોલીસ વિભાગમાં ફરજ પ્રત્યે બેદરકારી દાખવનારા કર્મચારીઓ સામે જિલ્લા પોલીસ વડા નીતેશ પાંડેયે લાલ આંખ કરી છે.

તેમણે કાર્યવાહીનો સપાટો બોલાવતા બે પોલીસ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.જયારે શિસ્તભંગ બદલ સમગ્ર D સ્ટાફ અને અન્ય કર્મચારીઓને પરેડની આકરી સજા ફટકારવામાં આવી છે.

ભાવનગરમાં વિવાદોમાં ઘેરાયેલા નીલમબાગ પોલીસ સ્ટેશનના રાઈટર લાલજી ચુડાસમા અને કોન્સ્ટેબલ રણજીતસિંહ મોરી સામે ફરજમાં ઘોર બેદરકારી બદલ સસ્પેન્શનના પગલાં લેવામાં આવ્યા છે.

આ કડક કાર્યવાહીથી સમગ્ર પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે.માત્ર સસ્પેન્શન જ નહીં પરંતુ પોલીસ વિભાગમાં ડિસિપ્લિન સુધારવા માટે SP દ્વારા સજા પણ ફટકારવામાં આવી છે.

નીલમબાગ પોલીસ સ્ટેશનના સમગ્ર D સ્ટાફ સહિત કુલ ૧૦ પોલીસ સ્ટેશનના કર્મચારીઓને શિસ્તના પાઠ ભણાવવા માટે હવેથી દરરોજ સવારે ૬ વાગ્યે હેડક્વાર્ટર ખાતે ફરજિયાત પરેડ કરવાની સજા આપવામાં આવી છે.

પોલીસ વડાની આ કડક અમલવારીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે ફરજમાં કોઈપણ પ્રકારની આળસ કે બેદરકારી સાંખી લેવામાં નહીં આવે.

**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ 400 020 ટેન્ડર નંબર: Dy.CE(C) CCG/354R કામનું નામ: વસઈ રોડ સ્ટેશન પર સીડી સાથે સ્કાયવોક અને FOB નું બાંધકામ - પ્લેટફોર્મ રીટર્ન ટ્રેનોના નવા કોચિંગ ટર્મિનસનો વિકાસ. NIT મૂલ્ય: ₹ 29,87,65,184/- EMD: ₹ 59,75,300/- ઈ-બિડ બંધ તારીખ: 26.06.2026 ના 15.00 કલાક સુધી. ઈ-બિડ ખુલવાની તારીખ: 26.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0218

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) II, પશ્ચિમ રેલ્વે, રતલામ (MP) ટેન્ડર નંબર આમંત્રિત કરે છે: RTM-Pitline-DyCE-C-II-01 કામનું નામ: પિટ લાઇનની જોગવાઈના કામના સંબંધમાં પિટ લાઇનનું બાંધકામ, સંકલિત કોચિંગ ડેપો પર સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર" - 42 હેઠળ. NIT કિંમત: ₹56173820.91/- EMD: ₹ 1123500/- સબમિશનની તારીખ અને સમય: તા.30.06.2026 ના 15.00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: તા. 30.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0216

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, ચર્ચગેટ, મુંબઈ-2 0 , ટેન્ડર નંબર: Dy.CE(C)CCG/359 આમંત્રિત કરે છે. કામનું નામ : લોઅર પરેલ : LHB કોચના ઓવરહોલિંગ સુવિધાઓનું વિસ્તરણ કરીને ચક્રના સમયમાં ઘટાડો. G+5 વહીવટી મકાન અને વર્કશોપ શેડ (64.0 મીટર x 18.5 મીટર) અને G+2 બિલ્ડિંગનું બાંધકામ; અને NMG/NMGH/ NMGHS માટે જાળવણી સુવિધાઓનું અપગ્રેડેશન/વિકાસ - વર્કશોપ શેડનું બાંધકામ (109.7 મીટર x 18.5 મીટર), પીટ લાઇનવાળા ટ્રેક (2 x 54 મીટર) જેમાં પી.વે, ઇલેક્ટ્રિકલ અને અન્ય આનુષંગિક કાર્યોનો સમાવેશ થાય છે. NIT મૂલ્ય: ₹ 48,61,08,765/- EMD: ₹ 97,22,200/- ઇ-બિડ સમાપ્તિ તારીખ: 26.06.2026 ના 15.00 કલાક સુધી. ઈ-બિડ ખુલવાની તારીખ: તા.26.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0219

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**વીજળી વિભાગ (પાવર) ઇ-ટેન્ડર સૂચના**

નંબર: EL-2025-26-48R1 અને 53R, તારીખ 08/06/2026. ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ/પાવર શાખા), પશ્ચિમ રેલ્વે, રતલામ, ભારતના રાષ્ટ્રપતિ વતી, વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડરિંગ દ્વારા નીચેના કામ માટે "ખુલ્લા ટેન્ડર" આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે: નં.: 1, ઇ-ટેન્ડરિંગ નંબર: EL-2025-26-48R1, કામનું નામ: રતલામ વિભાગ - સિંહસ્થ 2028 ના સંદર્ભમાં વિવિધ 12 સ્ટેશનો પર પાણી પુરવઠા વ્યવસ્થામાં વધારો કરવા સંદર્ભે વિદ્યુત કાર્ય, અંદાજિત કિંમત: ₹ 12506359.92/- કમાણી: ₹ 250100.00/- ટેન્ડર ખોલવાની તારીખ: 30/06/2026. નં.: 2, ઇ-ટેન્ડરિંગ નંબર: EL-2025-26-53R, કામનું નામ: રતલામ વિભાગ - વિવિધ સ્ટેશનો/સ્થાનો પર મુસાફરોની સુવિધાઓ હેઠળ એર કંડિશનર અને વોટર કુલર્સ બદલવાની જોગવાઈ સાથે સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય. PH-53, અંદાજિત કિંમત: ₹6691811.98/- EMD : ₹133800.00/- ટેન્ડર ખોલવાની તારીખ: 30/06/2026. વિગતવાર ટેન્ડર માહિતી અને અન્ય શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ADM/7/1/93

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ સમારકામ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 આમંત્રણ આપે છે: ક્રમ નં. 1ટેન્ડર સૂચના નં.: BCT/26-27/62 તારીખ: 05/06/2026 કાર્ય અને સ્થાન: 1) મહાલક્ષ્મી (EMU વર્કશોપ): સુરક્ષા વ્યવસ્થામાં વધારો, બાઉન્ડ્રી વોલ. (2) મહાલક્ષ્મી (GSD): મુખ્ય દરવાજાને પહોળો કરવો. કામનો અંદાજિત ખર્ચ: ₹ 5,79,33,418.82/- EMD: ₹11,58,700.00/- ક્રમ નં. 2 : ટેન્ડર સૂચના નં.: BCT/26-27/63 તારીખ: 05/06/2026 કાર્ય અને સ્થાન: મહાલક્ષ્મી (EMU વર્કશોપ): ટ્રેક્શન મોટર સેક્શન ખાતે પિટ લાઇન નંબર 1 અને 2 નું સમારકામ. આશરે. કામની કિંમત: ₹85,87,661.17/- EMD: ₹ 1,71,800.00/- ક્રમ નં. 3 : ટેન્ડર સૂચના નં.: BCT/26-27/64 તારીખ: 08/06/2026 કામ અને સ્થળ: 1) માહિમ - માહિમ રનિંગ રૂમમાં શૌચાલય, બાથરૂમ, દરવાજા, ક્યુબિકલ્સ અને ડ્રેનેજ સિસ્ટમનું સમારકામ. (2) વડાલા - વડાલા રેલ્વે કોલોનીમાં શૌચાલય, બાથરૂમ, રસોડું અને ફ્લોરિંગનું સમારકામ તેમજ ભૂગર્ભ પાણી પુરવઠા પાઇપલાઇનમાં સુધારો. અંદાજિત કામની કિંમત: ₹2,33,18,627.58/- EMD: ₹4,66,400.00/-. ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: સબમિશનની તારીખ અને સમય: તા.03.07.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.03.07.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0217

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે શુભેચ્છા મુલાકાત કરી



આ અવસરે શ્રી સંઘાણીએ તાજેતરમાં પૂર્ણ થયેલા અમેરિકા પ્રવાસ દરમિયાન યોજાયેલા વિવિધ કાર્યક્રમો, ઉચ્ચસ્તરીય બેઠકો તેમજ કૃષિ અને સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા મહત્વપૂર્ણ અનુભવો અને તારણોની માહિતી આપી. અમેરિકામાં કૃષિ નવીનીકરણ, સહકારી મોડલ, કૃષિ વ્યવસાય વિકાસ, ટેક્નોલોજી હસ્તાંતરણ તથા ખેડૂતકેન્દ્રિત પહેલો અંગે થયેલી ચર્ચાઓના મુખ્ય મુદ્દાઓથી મંત્રીશ્રીને જાણકારી આપેલ. બેઠક દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે કૃષિ, સહકારિતા, કૃષિ વ્યવસાય, ખાદ્ય સુરક્ષા, કૃષિ ટેક્નોલોજી અને ખેડૂત સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં સંભવિત સહકાર અને ભાગીદારી અંગે અર્થપૂર્ણ ચર્ચા થઈ. બંને દેશો વચ્ચે જ્ઞાન, ટેક્નોલોજી અને શ્રેષ્ઠ પદ્ધતિઓના આદાન-પ્રદાનને વધુ મજબૂત બનાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. શ્રી સંઘાણીએ કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્રે શ્રી ચૌહાણના દૂરદર્શી નેતૃત્વ, ખેડૂતોના કલ્યાણ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને કૃષિ ક્ષેત્રમાં નવીનતા તથા સુધારાઓને પ્રોત્સાહન આપવા માટેના તેમના પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમના નેતૃત્વ હેઠળ ભારતનું કૃષિ અને સહકારી ક્ષેત્ર નવી ઊંચાઈઓ હાંસલ કરશે તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને સમૃદ્ધિ વધારવામાં મહત્વપૂર્ણ સફળતાઓ પ્રાપ્ત કરશે. આ મુલાકાતને ભારતના કૃષિ અને સહકારી ક્ષેત્રને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ સાથે જોડવા અને ખેડૂતોના હિતમાં આંતરરાષ્ટ્રીય સહકારને વધુ મજબૂત બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

### SMCના અધિકારીઓ અને પોલીસની સેવાઈ રહેલી ચૂપકીદી સામે

# સુરતની નાસિરનગરના ૧૫૦-૨૦૦ મકાનોના રહીશોનો મામલો હવે હાઈકોર્ટના ધ્વારે સાથે બાકી બચેલા મકાનોવાળા ભયભીત?

**વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ધ્વારા નાસિર નગરના ભૂતિયા ડિમોલિશન અંગે સુરત કલેક્ટર, સુરત મ્યુ.કમિશ્નર તેમજ સુરત પોલીસ કમિશ્નરને લેખિત ફરિયાદ કરવામાં આવી**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

એક અઠવાડિયા પહેલા વેડ દરવાજા જીલાની બ્રિજ પાસે વહેલી સવારથી જ પોલીસના ઉચ્ચ અધિકારીઓ અને મહાનગર પાલિકાના અધિકારીઓની હાજરીમાં નાસિનગરના મકાનોના ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કોઈપણ પ્રકારની નોટિસ વિના અંદાજે ૧૫૦ થી ૨૦૦ જેટલા મકાનો પર બુલડોઝર ફરી વળવાની ઘટનાને પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ૫૦ વર્ષો ઉપરાંત થી વસવાટ કરતા પરિવારો રાતોરાત બેઘર બની જતા નાસિરનગરના મકાનોના રહેવાસીઓ માં પણ આક્રોશ ફેલાયો હતો. આખરે ડિમોલિશનની આ ઘટનામાં ભારે વિવાદ સર્જાતા મહાનગરપાલિકાના અધિકારીઓ ભેખડે ભેરવાયા હતા. અને આ ડિમોલિશન મામલે હાથ ઊંચા કરી દેતા સમગ્ર વિવાદ હાઈકોર્ટમાં પહોંચતા હવે બહાર આવશે કયો મોરલો કળા કરી ગયો હતો?

આ બનાવને પગલે હવે બાકી બચેલા મકાનોવાળાઓને પણ કાલ્પનિક ભય સતાવવા લાગતા એવા મકાનોવાળા દ્વારા હાઈકોર્ટનો દરવાજો ખખડાવવામાં આવ્યો છે. નાસિર નગરમાં બાકી રહેલા મકાનોના ડિમોલિશન પર સ્ટે મેળવવા માટે મિલકતદારો દ્વારા અરજી કરવામાં આવી છે. બીજી તરફ પાલિકાના જ વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ આખે આખા ખેલના કેન્દ્રમાં મહાનગરપાલિકાના અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓ અને બિલ્ડરો હોવા છતાં તેઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આગામી દિવસોમાં નાસિર નગરમાં બાકી રહેલા મકાનો પર પણ ભૂતિયા બુલડોઝર ફરી વળે તેઓ ડર મકાનવાળાઓને સતાવી રહ્યો છે કે બાકી રહેલા મકાનો પર બુલડોઝર ન ફરી વળે તે માટે સ્ટે માટેની રજૂઆત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે વિવાદિત ડિમોલિશન સમયે કેમેરામાં કેદ થયેલા અધિકારીઓની હાજરી સ્પષ્ટ પણે દેખાતી હોવા છતાં કોઈ અગમ્ય કારણોસર શાસકો દ્વારા અધિકારીઓ વિરુધ્ધ કાર્યવાહી કરવાને બદલે વિવાદ પર પડદો પાડવાનો ખેલ ખેલાઈ રહ્યો છે. એ કેટલું ખેદજનક કહેવાય?

નાસિરનગર ના ભૂતિયા ડિમોલિશનના ૧૦ દિવસ પસાર થયા છે છતાં સુરત મ.ન.પાના કે પોલીસના ઉચ્ચ અધિકારીએ સ્થળની મુલાકાત લેવાનું પણ મુનાસિબ સમજેલ નથી. અને સુરત મહાનગરપાલિકાએ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડેલ નથી. આ ડિમોલિશન પૂર્વ મંજૂરી વગર થયું છે ત્યારે આ કાર્યમાં ભાગ લેનાર તમામ કર્મચારીઓ/ અધિકારીઓ અને પોલીસના કર્મચારી/ અધિકારીઓની સામે તાત્કાલિક પગલાં ભરવા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ધ્વારા માંગણી કરાય છે. કોઈ કર્મચારી/ અધિકારી સત્તાનો દૂર ઉપયોગ કરી નાસિરનગરના ૧૫૦-૨૦૦ મકાનોનું ભૂતિયા ડિમોલિશન જેવા બનાવ ફરીવાર સર્જાય નહીં તે માટે મ.ન.પા ના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસના ઉચ્ચ અધિકારી/ કર્મચારીઓને તાત્કાલિક ધોરણે સસ્પેન્ડ કરવા તેમજ નાસિરનગર ના જે લોકો બેઘર થયા છે તે લોકોને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ધ્વારા સુરત કલેક્ટર, સુરત મ્યુ.કમિશ્નર તેમજ સુરત પોલીસ કમિશ્નરને લેખિત ફરિયાદ તા.૦૯/૦૬/૨૦૨૬ ના રોજ કરેલ છે.

### સામાન્ય અરજી લખીને પ્રેક્ટિસ કરનારા

# વકીલો જ્યારે સામાજિક દૂષણખોરોને પ્રોત્સાહન આપીને છાવરે છે ત્યારે?

## રાજસ્થાની સમાજ એક શાંતિપ્રિય એકબીજા સાથે હળી મળીને ધંધો કરનારો વેપારી સમાજ છે જે વિવિધ વ્યવસાયો સાથે સંકળાઈને સામાજિક એકતાનું દ્રષ્ટાંત પૂરું પાડનારો સમાજ છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતના વિવિધ શહેરોના વર્ષોથી વસતા અને જેમનો તો જન્મ જ ગુજરાતમાં થયો છે એવા રાજસ્થાની સમાજના પરિવારો વિવિધ વ્યવસાયોમાં આજે વ્યસ્ત થઈને પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા સાથે બાળકોને સારું શિક્ષણ આપવા તનતોડ મહેનત કરી રહ્યા છે. એવો રાજસ્થાની સમાજ ધંધામાં જેમાં મુખ્યત્વે ટેક્ષટાઈલ્સ, અનાજ કરિયાણાની દુકાનો, આઈસક્રીમ, ઠંડા પીણા, ભોજનલાય, ચાની હોટેલ થી લઈને મીઠાઈની બ્રાન્ડેડ આઈટમોમાં નામ કાઢી રહ્યો છે.

ત્યારે સ્વાભાવિક છે કે નાની મોટી કરિયાણાની કે આઈસ્ક્રીમ જેવી દુકાનોમાં પરિવારના સભ્યો જ મોટાભાગે કામ કરી દુકાન ચલાવતા હોય છે. આજ નાના મોટા ધંધા માંથી પોતાના સંતાનોને પછી એ છોકરો હોય કે છોકરી એને સારું શિક્ષણ આપવા માટે શિક્ષણનો ખર્ચ કાઢવાનો હોય અને આ મોંઘવારીમાં સંતાનોના ખર્ચ કાઢવા ધંધામાં તનતોડ મહેનત કરવી પડતી હોય છે.

આ સમયે સ્વાભાવિક છે કે વેપારીને દુકાન છોડીને માલની ખરીદી કરવા જવું પડે છે. અન્ય વેપારી પાસે ઉધરાણી કરવા પણ જવાનું થતું હોય છે. ત્યારે વેપારીને પોતાની દુકાને પત્ની કે દીકરા, દીકરીને બેસાડીને જવું પડતું હોય છે. અને આ સમયનો લાભ લઈ કેટલાક લેભાગુઓ આવી મહિલાઓની કે જવાન દીકરીઓની એકલતાનો લાભ લઈને કોઈ ને કોઈ ચીજ વસ્તુ ખરીદવાના બહાને વારંવાર આવીને એવી ભલી ભોળી દીકરીઓ કે મહિલાઓ સાથે ઘરોબો કેળવી એમને મીઠી મીઠી અને મોટી મોટી વાતોમાં આંજી નાંખીને એક દિવસ ભગાડી (આમ તો અપહરણ જ કહેવાય) જાય છે. અને પછી કોર્ટ મેરેજ કરી કે લીવ ઈન રિલેશનશીપ( મૈત્રી કરાર) ના નામે પરણિત અને બબ્બે સંતાનોના માતા-પિતા હોવા છતાં બંધાતા લીવ ઈન રિલેશનશીપ (મૈત્રી કરાર) ના સંબંધો તદ્દન ગેરકાયદેસર હોવા છતાં કેટલાક સામાન્ય જ્ઞાન ધરાવતા વકીલો કે જેમની પ્રેક્ટિસ ના ચાલતી હોય એવા હસ્તક છોકરીના કે મહિલાના પરિવારને કાયદેસર નોટિસ મોકલીને કાયદાની ચુંગાલમાં લઈને હેરાન પરેશાન કરાય છે. જેમાં એવા વકીલો ધ્વારા પોલીસની સાંઠગાંઠમાં આ ખેલ ખેલાતો હોય છે. કેટલાક કેસોમાં તો ભગાડી ગયેલી યુવતીને બે સંતાનો થઈ જતાં તેમજ દસ કે બાર વરસ પસાર થઈ ગયા પછી એના પરિવાર પાસે દરદાગીના તેમજ મિલકત અને ધંધામાં ભાગ માંગીને પરેશાન કરાતા હોય છે. ઉપરાંત કેટલાક કિસ્સાઓમા તો ભગાડી ગયેલી મહિલા કે યુવતીને કોઈ અજાણ્યા સ્થળે ગોંધી રાખીને પરિવારથી સંપર્ક વિહોણી બનાવીને દાબ દબાણ કે અંડરપ્રેશર રાખીને બ્લેકમેલીંગ કરીને તેનું બ્રેઈન વોશ કરીને પરિવાર સાથે સંપર્ક કરવા દેવામાં આવતો નથી. એના કારણે એમના સંતાનો નિરાધાર હાલતમાં તેઓના માતા-પિતા ને ત્યાં છોડી દેવાતા હોય છે. એને કારણે એવા સંતાનોના ભવિષ્ય માટે ઊભા થતાં સવાલો જેવાકે શિક્ષણ,સંસ્કાર અને એમને મળતા માં-બાપના પ્રેમથી વંચિત રહેવું પડે છે અને એમના બાળમાનસ ઉપર ગંભીર અસર પડતી હોય છે.આખરે એમની જિંદગી લાવારીસ જેવી બનતા એમના ભવિષ્ય ઉપર સવાલ પેદા થાય છે!

આ રીતે ધંધામાં વ્યસ્ત રહેતો ઘરનો મોભી એકતો મોંઘવારીથી પરેશાન થતો હોય અને બીજી બાજુ આવા સામાન્ય કક્ષાના કહેવાય એવા વકીલો જાત જાતના કાયદાના છીંડાઓમાં પોલીસની મિલીભગતમાં મહિલાઓ અને દીકરીઓને ભગાડી જનારાઓને પ્રોત્સાહન આપતા હોવાથી વેપારી સમાજ એવા રાજસ્થાની સમાજના કેટલાય પરિવારો આજે પોતાના સંતાનો માટે ન્યાય મેળવવા પોલીસ સ્ટેશનોના પગથિયાં આવા વકીલોના પાપે ઘસીને ન્યાયની આશા સેવી રહ્યા છે.

ઉપરાંત આવા વકીલોના પાપે જ કડોદરા જેવા ઔદ્યોગિક વિસ્તારમાં રૂપિયા ૩૦ લાખ (ત્રીસ લાખ) જેવી મોટી રકમ મિલકત ખરીદ પેટે ચૂકવાયેલી હોવા છતાં અને વેચનાર વ્યક્તિએ પૈસા લીધાની એની પોતાની સહી કરી એની ડાયરી બનાવી હોય છતાં પૈસા લેનારો ના પાડતો હોય ત્યારે એ અંગે પણ આવા જૂઠા માણસોની તરફેણમાં સામાન્ય કક્ષાના વકીલો ઊભા રહીને પોલીસની સાંઠગાંઠમાં મિલકત ખરીદનારને અન્યાય પહોંચાડવા તનતોડ મહેનત કરતાં હોય છે. એટલું જ નહીં પરંતુ મિલકત ખરીદનાર અને રૂપિયા ૩૦ લાખ જેવી માતબર રકમ ચુકવનાર ફરિયાદીએ આપેલી ડાયરીને FSLમાં મોકલાવનાર પોલીસ બબ્બે વરસથી FSLનો રિપોર્ટ પણ નથી આપતી જેની પાછળ આવા વકીલોનું જ કારસ્તાન હોવાથી મહેનતુ અને ધંધામાં વ્યસ્ત રાજસ્થાની સમાજ આવા વકીલોના કારણે હેરાન પરેશાન થઈ રહ્યો છે ત્યારે ન્યાયની આશા કોની પાસે રાખવી.

# બાબા બાગેશ્વરના દિવ્ય દરબારમાં ભુતો ધુણાવવા ભારે પડયા: વિજ્ઞાન જાથા એ પોલીસ અને હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં યોજાયેલા બાબા બાગેશ્વર એટલે કે ધિરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રીના દિવ્ય દરબારને લઈને હવે મોટો વિવાદ ઉભો થયો છે. દરબારમાં કથિત રીતે ભુતો ધુણાવવા ના મામલે વિજ્ઞાન જાથા ભારે રોષ માં છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયા એ બાબા બાગેશ્વર અને કાર્યક્રમના આયોજકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે કમરકસી લીધી છે.




બાબા બાગેશ્વરે અંધશ્રધ્ધાની તમામ હદો વટાવી દીધી હોવાનો આક્ષેપ કરીને વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડયા એ આયોજકો તેમજ ધિરેન્દ્રકૃષ્ણ શાસ્ત્રી સામે ગુન્હો દાખલ કરવા માટે પોલીસ અરજી કરી છે. એટલુ જ નહી આ ગંભીર બાબતે ગુજરાત હાઈકોર્ટમાં પણ સુઓમોટો દાખલ કરાવવા માટે વિજ્ઞાન જાથા દ્વારા કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. વિજ્ઞાન જાથા એ આ સમગ્ર ઘટનાક્રમ પાછળ એક પૂર્વયોજીત ષડયંત્ર હોવાનો દાવો કર્યો છે. અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે દિવ્ય દરબારમાં અંધશ્રધ્ધાનો માહોલ ઉભો કરવા માટે પોતાના જ અંગત માણસોને બોલાવવામાં આવ્યા હતા. આ માણસો પાસે પબ્લીક વચ્ચે ધુણવાનુ નાટક કરાવીને લોકોની ભાવનાઓ સાથે રમત રમવામાં આવી છે. આ પ્રકારના કૃત્યો સમાજમાં અંધશ્રધ્ધા અને કુરીવાજોને પ્રોત્સાહન આપે છે. જેથી તેમની સામે સખત ગુન્હો નોધવો જોઈએ.

આ વિવાદમાં કાર્યક્રમના આયોજક મંગેશ દેસાઈના એક નિવેદને બળતામાં ઘી હોમવાનુ કામ કર્યુ છે. મંગેશ દેસાઈએ બચાવ કરતા નિવેદન આપ્યુ હતુ કે અમે લોકોને ધુણવા માટે કોઈ ઈન્જેકશન આપ્યા ન હતા, આવા બેજવાબદાર અને હાસ્યાસ્પદ નિવેદન સામે પણ વિજ્ઞાન જાથાએ સખત વાંધો ઉઠાવ્યો છે. જયંત પંડયાએ જણાવ્યુ હતુ કે આ પ્રકારના નિવેદનો કરીને આયોજકો પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી અને આ નિવેદન વિરૂધ્ધ પણ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

# આવતીકાલે પુણે માં કોકરોચ જનતા પાર્ટી આક્રમક મુડમાં: ૧૧ જુને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજધાની દિલ્હીમાં વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોને લઈને જોરદાર પ્રદર્શન કર્યા બાદ, હવે કોકરોચ જનતા પાર્ટી મહારાષ્ટ્રના પુણે શહેરમાં સક્રિય થઈ રહી છે. આ અનોખી પાર્ટીના કાર્યકરો દ્વારા આવતી કાલે ૧૧ જુનના રોજ વિદ્યાર્થીઓની ગંભીર સમસ્યાઓ અને મુદ્દાઓ પર અવાજ ઉઠાવવા માટે એક વિશાળ પ્રોટેસ્ટ નુ આયોજન કરવામાં આવ્યુ છે. આ આખુ પ્રદર્શન શિક્ષણમંત્રીના રાજીનામાની મુખ્ય માંગણી સાથે કરવામાં આવી રહ્યુ છે. જેના કારણે પુણેના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ગરમાવો આવી ગયો છે. કોકરોચ જનતા પાર્ટી દ્વારા




જાહેર કરાયેલી સત્તાવાર વિગતો અનુસાર આ વિરોધ પ્રદર્શન ૧૧ જુનના રોજ સાંજે ૪ વાગે પુણે ની પ્રતિષ્ઠિત સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિર્વસિટીના કેમ્પસમાં યોજાશે. આંદોલનને ઉગ્ર બનાવવાના બદલે તેને લોકતાંત્રીક ઢબે રજુ કરવા માટે આ કાર્યક્રમને જનતા પાર્ટીનુ શાંતિપૂર્ણ પ્રોટેસ્ટ એવુ નામ આપવામાં આવ્યુ છે.

કોકરોચ જનતા પાર્ટીના કાર્યકરો મોટી સંખ્યામાં કેમ્પસમાં એકઠા થઈને વિદ્યાર્થીઓના હિત માટે સુત્રોચ્ચાર કરશે અને પોતાનો વિરોધ નોંધાવશે. કોકરોચ જનતા પાર્ટીના અગ્રણી નેતા અભિજીત દિપક એ દિલ્હીમાં વિદ્યાર્થીઓ માટે એક મોટુ આંદોલન ચલાવીને ચર્ચા જગાવી હતી. ત્યારપછી હવે પુણે માં આ પાર્ટીના કાર્યકરોએ વિદ્યાર્થીઓની અલગ અલગ સમસ્યાઓ માટે મોટી લડત લડવાનો મકકમ નિર્ણય કર્યો છે. જો કે પુણે યુનિર્વસિટીમાં યોજાનારા આ મહત્વપૂર્ણ પ્રોટેસ્ટ માં નેતા અભિજીત દિપકે પોતે રૂબરૂ હાજર રહેશે કે નહી તે અંગે પાર્ટી તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આગામી દિવસોમાં આ આંદોલન શું વળાંક લે છે તેના પર સૌની નજર રહેશે.

# દિલ્હીમાં કોળી સમાજના બે રાષ્ટ્રીય અધિવેશનથી વિવાદ: ગુજરાતની રાજનીતીમાં આવ્યો ગરમાવો

પ્રતિનિધિ,ગાંધીનગર

અખિલ ભારતીય કોળી સમાજના નામે દિલ્હીમાં આગામી અઠવાડીયે બે અલગ અલગ રાષ્ટ્રીય અધિવેશન યોજાનાર હોવાથી સમાજ અને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.



એક અધિવેશન ૧૪ જુને યોજાવવાનુ છે. તો બીજુ અધિવેશન ૨૧ જુને યોજાશે. બંને કાર્યક્રમો પોતાને કોળી સમાજનુ પ્રતિનિધિત્વુ કરતુ મુળ સંગઠન હોવાનો દાવો કરી રહ્યા હોવાથી સમાજમાં મુંઝવણ સર્જાઈ છે. ૧૪ જુનના દિલ્હીમાં યોજાનારા અધિવેશનમાં કેબિનેટ મંત્રી અને અખિલ ભારતીય કોળી સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ કુંવરજી બાવળીયા હાજર રહેવાના છે. તેમણે આ કાર્યક્રમને મુળ અખિલ ભારતીય કોળી સમાજનુ અધિકૃત અધિવેશન ગણાવ્યુ છે. બાવળીયાના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક વરસોમાં સમાજમાં યુવાનો અને મહિલાઓને સ્થાન આપવા માટે સતત પ્રયાસ કરવામાં આવ્યા છે અને આ અધિવેશન પણ સમાજના હિત માટે જ યોજાઈ રહ્યુ છે.

તો બીજી તરફ ૨૧ જુનના રોજ યોજાનારા અધિવેશનને રાજુલા ના ધારાસભ્ય અને અખિલ ભારતીય કોળી સમાજના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ હિરા સોલંકીનો ટેકો મળ્યો છે. સમાજના યુવા આગેવાનોનો દાવો છે કે આ અધિવેશનની તૈયારી ઘણા સમયથી ચાલી રહી હતી અને તેનુ આયોજન અગાઉથી નકકી કરવામાં આવ્યુ હતું. તેમના જણાવ્યા મુજબ ગુજરાતમાંથી આશરે ૩૦૦ લોકો હિરા સોલંકીના નેતૃત્વમાં આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દિલ્હી જશે. બંને પક્ષો એકબીજા સામે ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. કુંવરજી બાવળીયા એ ૨૧ જુનના અધિવેશનને અંગત સ્વાર્થ અને રાજકીય લાભ માટેનુ આયોજન ગણાવ્યુ છે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક લોકો સમાજના નામે રાજકીય લાભ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો બીજી તરફ યુવા આગેવાનોનુ કહેવુ છે કે ૨૧ જુનનુ અધિવેશન પહેલેથી નકકી હતું અને બાદમાં તેની અસર ઘટાડવા માટે અલગ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો.

આ વિવાદ વચ્ચે હિરા સોલંકીનો એક વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ થયો છે. વિડીયોમાં તેઓ રાષ્ટ્રીય સ્તરના આગેવાન વિરેન્દ્ર કશ્યપ સાથે જોવા મળે છે. વિડીયોમાં કરાયેલી ટીપ્પણીઓ બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં કુંવરજી બાવળીયા અને હિરા સોલંકી વચ્ચે મતભેદો હોવાની ચર્ચાઓ વધુ તેજ બની છે. સમાજના અન્ય આગેવાનોનુ માનવુ છે કે એક જ અઠવાડીયામાં બે અલગ રાષ્ટ્રીય અધિવેશન યોજાવવાથી કોળી સમાજને નુકશાન પહોચી શકે છે. તેમના જણાવ્યા મુજબ સમગ્ર દેશમાં કરોડો લોકો ધરાવતા કોળી સમાજ માટે એકતા સૌથી વધુ જરૂરી છે. હાલ સમાજના લોકોએ મુંઝવણમાં છે કે કયા અધિવેશનમાં હાજરી આપવી અને કયા કાર્યક્રમને વધુ માન્યતા આપવી, રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આ વિવાદ માત્ર અધિવેશન પુરતો મર્યાદીત નથી, પરંતુ સમાજમાં નેતૃત્વ અને પ્રભાવ સ્થાપિત કરવાની હરીફાઈ પણ તેમાં સામેલ છે. એક તરફ સમાજને એક જુટ કરવાની જરૂરીયાત છે. ત્યારે બીજી તરફ અલગ અલગ મંચો પરથી નેતૃત્વના દાવાઓ સમાજમાં વિભાજનની સ્થિતિ ઉભી કરી રહ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં આ મુદ્દો વધુ રાજકીય રંગ પકડી શકે છે.

# કેન્દ્ર સરકાર વાહન વ્યવહાર અને ડ્રાઈવીંગ લાયસન્સમાં કરી શકે છે ફેરફાર: ૫૦ વરસની ઉંમર સુધી ડ્રાઈવીંગ લાયસન્સ રીન્યુ નહી કરાવવુ પડે

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકાર વાહન વ્યવહાર અને ડ્રાઈવીંગ લાયસન્સ સંબંધીત સેવાઓમાં મોટો ડીઝીટલ ક્રાંતિ લાવવાની તૈયારી કરી રહી છે.

આ યોજના અન્વયે ડ્રાઈવીંગ લાયસન્સની માન્યતા ૫૦ વરસની ઉંમર સુધી વધારવાની અને વાહનની માલીકી ટ્રાન્સફર તેમજ પરમીટ રીન્યુઅલ જેવી પ્રક્રિયાઓને સંપુર્ણપણે ઓનલાઈન કરવાની વિચારણા ચાલી રહી છે. આ ફેરફારથી લાખો વાહન માલીકો અને ડ્રાઈવરોને મોટી સુવિધા મળશે અનો આરટીઓની મુલાકાતોમાં ઘટાડો થશે.



વર્તમાન વ્યવસ્થા અનુસાર ડ્રાઈવીંગ લાયસન્સ સામાન્ય રીતે ૨૦ વરસ માટે માન્ય રહે છે. રોડ ટ્રાન્સપોર્ટ મંત્રાલય હવે એક મહત્વની દરખાસ્ત પર વિચાર કરી રહ્યુ છે. જેમાં લાયસન્સ ધારકની ઉંમર ૫૦ વરસ થાય ત્યાં સુધી તેની માન્યતા લંબાવવામાં આવે, અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પગલુ નાગરીકો માટે પ્રક્રિયાઓને સરળ બનાવવા અને લાયસન્સ રીન્યુઅલ સાથે જોડાયેલા કાગળી કાર્યવાહીમાં ઘટાડો કરવા માટે લેવામાં આવી રહ્યુ છે. આ વ્યાપક પહેલનો ભાગ છે જે જાહેર સેવાઓને વધુ અનુકુળ બનાવવા તરફ લક્ષ્ય રાખે છે. મંત્રાલય વાહનની માલીકી ટ્રાન્સફર અને પરમીટ રીન્યુઅલને સંપૂર્ણપણે ડીઝીટલ પ્લેટફોર્મ દ્વારા પૂર્ણ કરવાની બીજી મહત્વની દરખાસ્ત પર કામ કરી રહ્યુ છે. જો આ અમલમાં આવશે તો વાહન માલીકોને આરટીઓની વારંવાર મુલાકાત લેવાની જરૂર પડશે નહી. આ પહેલથી નાગરીકો તેમજ પરીવહન વિભાગ બંનેનો સમય અને પરેશાની બચશે.

# અમદાવાદના હાંસોલમાં એક SUV કારમાંથી દારૂની ૧૮૦૦થી વધુ બોટલો સાથે રાજસ્થાનનો શખસ ઝડપાયો: પોલીસે મુદ્દામાલ જપ્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના હાંસોલમાં એક SUV કારમાં એક નહીં પણ 1800થી વધુ દારૂની બોટલની ખેપ મારતો મૂળ રાજસ્થાનનો શખસ એરપોર્ટ પોલીસે ઝડપી પાડ્યો છે. મળેલી બાતમીને આધારે પોલીસે એક ખાનગી કંપનીના પેટ્રોલ પંપની પાછળ સર્વિસ રોડ પરથી એક 21 વર્ષીય શખસને દારૂ-બિયર સહિત કુલ 7.22 લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી અનુસાર, પોલીસને બાતમી મળી હતી કે, SUV કાર નાયરા પેટ્રોલ પંપની પાછળ સર્વિસ રોડ પર ઊભી છે અને તેમાં વિદેશી દારૂ ભરેલો છે. ત્યારબાદ અવાવરું અને અંધારાવાળી જગ્યાએ પાર્ક કરેલી ગાડીને કોર્ડન કરીને પોલીસે અંદર બેઠેલા શખસને ઝડપી લીધો હતો. પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપીનું નામ 21 વર્ષીય ડુંગરા રામ હરખારામ જાની છે અને તે લીલસર ગામ બાડમેરનો રહેવાસી છે.